**સુવિચાર**
દરેક કામ દિલ અને દિમાગથી લેવું જોઈએ. માણસની કિંમત તેના વ્યવહારથી અંકાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૪/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૧૪

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
» હૃદયરોગ - બીપી
» શ્વાસ - દમ - ન્યુમોનિયા
» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
» ઝેરીદવા - સર્પદંશ
» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બનવાની હેટ્રીક લગાવવાનાં હોય તેવા માહોલમાં

# અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં ભાજપનાં ઉમેદવારને વધાવતા મતદારો

**સામાન્યમાં સામાન્ય વ્યકિત સાથે સરળતાથી વાર્તાલાપ કરતાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને ઠેર-ઠેરથી આવકાર**

**જેમ-જેમ મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ મતદારો અને ભાજપી કાર્યકરોનાં ઉત્સાહમાં વધારો થઈ રહ્યો છે**

**નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં આગેવાનો સરકારનાં વિકાસ કાર્યો અંગે જાણકારી આપી રહ્યા છે**

**કેરિયાનાગસ, દેવળીયા, રાજસ્થળી, ચાડિયા, બાબાપુર સહિતનાં ગામોમાં પ્રચાર કાર્ય કરાયું**



અમરેલી, તા. ૨૫

અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાએ આજે અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર કાર્ય કર્યુ હતું અને તેઓનું ગ્રામ્ય વિસ્તારમાં અદકેરૂ સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે અમરેલી તાલુકાનાં તાલુકા પંચાયત સીટ મુજબના મુખ્ય ગામો પૈકી કેરીયાનાગસ, દેવળીયા, રાજસ્થળી, કેરિયાચાડ, ચાડિયા, સાજીયાવદર, બાબાપુર, મોટામાંડવડા, કમીગઢ, નવાખીજડીયા, માંગવાપાળ, માલવણ, રાંઢીયા, નાનાઆંકડિયા, નાના માચીયાળા, હરીપુરા, જશવંતગઢ ચિતલ સહિતનાં ગામડાઓમાં સભાઓ યોજી હતી. આ દરેક જાહેર સભાઓમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી તાલુકાના ૧૭ ગામડાઓમાં ૧૪ અમરેલી લોકસભાના ઉમેદવાર ભરત સુતરીયા અને ધારાસભ્ય કૌશિક વેકરીયાએ સભાઓ ગજવી હતી. જેમ જેમ ચૂંટણીઓનો દોર નજીક આવી રહ્યો છે તેમ તેમ પ્રચાર પ્રસાર વધુ વેગવંતો બનાવ્યો છે. અમરેલી તાલુકાના ૧૭ ગામડાઓમાં બધા જ કાર્યક્રમો સફળ રહ્યા હતા.

આ કાર્યક્રમમાં તમામ ગામનાં લોકો તેમજ આજુબાજુના ગામના લોકો પણ તમામ મીટીંગોમાં એકત્ર થયા હતા અને દરેક ગામનાં સરપંચો સહિત સ્થાનિક આગેવાનો તેમની ટીમ સાથે વિસ્તારમાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક લોકોએ સારી એવી જહેમત ઉઠાવી હતી. આવનારા સમયમાં પાંચ લાખથી વધુ મતથી જીતવાના સંકલ્પને સાર્થક કરવા માટે ભાજપ પરિવારના હોદેદારો, કાર્યકર્તાઓ અને આગેવાનોએ સાર એવી જહેમત ઉઠાવી છે. ત્યારે સભા દરમિયાન અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, તમે જે રીતે મને ચૂંટણીને મોકલ્યો છે એ રીતે આપણે સૌએ સાથે મળીને

અનુસંધાન પાના ૬ ઉપર

## અનૈતિક સંબધની જાણ કુટુંબમાં થઈ જવાનાં ડરથી પગલું ભર્યુ

# ધારીનાં જીરા ગામે રહેતી પરિણીતાને કુટુંબી દિયર સાથે પ્રેમ સંબધ બંધાયો અને બન્નેએ ઝેરનાં પારખા કર્યા

**માધુપર ગામની સીમમાં એકી સાથે ઝેર પીતા પરિણીતાનું મોત થયું**

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના જીરા ગામે રહેતા ભીખુભાઈ તાજુભાઈ ચારોલીયાના પત્નિ સોનલબેનને છ એક મહિનાથી તેના કુટુંબી દિયર સાથે પ્રેમ સબંધ હોય જે સબંધ બાબતે તેના કુટુંબમાં જાણ થઈ જાય તો સમાજમાં આબરૂ જવાનો ડર લાગતા સોનલબેન તથા તેના કુટુંબી દિયર બંન્નેએ ગત તા. ૫/૪ ના રોજ ૨ વાગ્યે ધારી તાલુકાના માધુપુર ગામની સીમમાં ઝાંપલી વિસ્તાર તરીકે ઓળખાતા જંગલ વિસ્તારમાં પોતે–પોતાની મેળે ઝેરી દવા પીલેતા સોનલબેનને પ્રથમ હડમતીયા ગામે દવાખાને અને ત્યાંથી અમરેલી ખાનગી હોસ્પીટલમાં અને ત્યાંથી વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પીટલમાં સારવારમાં ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

આસ્થા હોસ્પિટલ હવે થી
BIMS-AASTHA HOSPITAL
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,050/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

### ભારતીય જનતા પાર્ટીમાં જુના, મધ્યમ અને નવા કાર્યકરોનો ત્રિવેણી સંગમ સર્જાતા

# જયારથી કોંગ્રેસયુકત બની ત્યારથી ભાજપની આંતરિક શકિત ઘટી રહી છે

**વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી હોવાનો દાવો કરતી ભાજપને કોંગ્રેસ અને અન્ય પાર્ટીનાં આગેવાનોની શું જરૂર છે તે સમજાતુ નથી**

**ભાજપમાં મોદીનાં સૂર્યોદય બાદ જે કાંઈ ભરતી મેળા શરૂ થયા છે તેનાથી પાર્ટીનું ભવિષ્ય જોખમાયું**

**અમરેલી સહિત સમગ્ર દેશમાં ભાજપનાં જુના, મધ્યમ અને નવા આગેવાનો વચ્ચે મનમેળ થતો નથી તે હકીકત છે**

**ભાજપનાં જુના આગેવાનો શિસ્ત અને વફાદારીનાં નામે મૂંગા મોઢે અન્યાય સહન કર્યા કરે છે**

અમરેલી, તા. ૨૫

અમરેલી સહિત દેશભરનાં ભાજપનાં પાયાનાં પથ્થર સમાન કાર્યકરો અને આગેવાનોની હાલત અતિ દયનીય બની ચૂકી છે અને સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે તેઓ શિસ્ત અને વફાદારીનાં નામે બિચારા બની ગયા છે અને છાના ખૂણે આંસુ સારીને હૈયુ હળવું કરી રહ્યા છે.

ભાજપનાં પાયાનાં કાર્યકરોએ લોહી–પાણી એક કરીને દિવસ–રાત મહેનત કરીને ભાજપને છેલ્લા ૪૦ વર્ષનાં સંઘર્ષ બાદ દેશની નંબર વન પાર્ટી બનાવી દીધી અને પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી એકચક્રી શાસન સ્થાપી દીધું અને હવે ભાજપનાં સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદીનો જયારથી સૂર્યોદય થયો ત્યારથી કોંગ્રેસ કે અન્ય રાજકીય પક્ષોનાં આગેવાનોને ભાજપમાં પ્રવેશ આપવાનું નહી બલ્કે તેમને મહત્વની જવાબદારી આપવાનું શરૂ કર્યુ ત્યારથી ભાજપનાં પાયાનાં પથ્થર સમાન આગેવાનોની હાલત દયનીય બની છે.

ભાજપનું ૧૦ વર્ષ પહેલા સ્પષ્ટ બહુમતી સાથે કેન્દ્રમાં શાસન સ્થપાયું બાદમાં ભરતી મેળાની ગતિમાં ૪ ગણો વધારો થયો છે અને ત્યારથી ભાજપીઓની હાલત દિનપ્રતિદિન વધારેને વધરે કફોડી બની રહી છે. કોંગ્રેસ, આપ, ટીએમસી, સપા, બસપા સહિતની વિચારધારાથી અત્યંત વિપરિત પાર્ટીનાં આગેવાનોને સરપંચથી લઈને સાંસદ અને વોર્ડ પ્રમુખથી લઈને જિલ્લા પ્રમુખ કે અન્ય મહત્વની જવાબદારી સોંપવામાં આવતાં જુના ભાજપીઓ નિરાશ થઈને તમાશો જોયા કરે છે અને ભાજપનાં જુના જોગીઓની નિષ્ક્રીયતા ધીમે ધીમે વધી રહી છે અને જો જુના ભાજપીઓની ધીરજ ખૂટી જશે તો આગામી વર્ષોમાં ભાજપને મોટુ નુકસાન સહન કરવું પડશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

### શ્રી ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ મંડળી એ કેસ કરતા

## લીલીયા : ચેક રીટર્ન કેસમાં બાકીદારને ૨ વર્ષની કેદ અને દંડની સજાનો હુકમ

**લીલીયા કોર્ટ દ્વારા સજાનો હુકમ કરાયો**

લીલીયા, તા. ૨૫

લીલીયા કોર્ટે આજે લોન લઈ અને ન ભરતા લોકો માટે દાખલો બેસે તેવો ઐતિહાસીક ચુકાદો આપ્યો છે. જેમાં અત્રેની શ્રી ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ સહકારી મંડળી લી.ના સભાસદ ધર્મેશભાઈ રાજેશભાઈ ગોહિલે મંડળી માંથી લોન લીધી હતી પરંતુ વારંવાર જાણ કરવા છતાં તેઓ પોતાની લોનના હપ્તા ભરતા ન હતા ત્યારે મંડળી તરફથી નોટીસ મોકલવામાં આવી બાદમાં ધર્મેશભાઈ રમેશભાઈ ગોહિલ દ્વારા મંડળીને ચેક આપી અને પોતાની લોન પૂર્ણ કરવા જણાવ્યુ બાદમાં મંડળી તરફથી ચેક બેંકમાં નખાતા તે અપુરતા



એડવોકેટ એ.બી. વાળા

બેલેન્સના શેરા સાથે પરત આવેલ જે બાદમાં મંડળી ના વકીલ અશોકભાઈ વાળા તરફથી લીગલ નોટિસ મોકલવામાં આવેલ તેનો જવાબ લોન બાકીદાર ધર્મેશભાઈ તરફથી ન મળતા અંતે મંડળીએ નામદાર લીલીયા કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જયાં મંડળી તરફે એડવોકેટ અશોકભાઈ વાળા એ જરૂરી આધાર પુરાવા અને ધારદાર દલીલ કરી હતી જે ગ્રાહ્ય રાખી અને કોર્ટે ચુકાદો આપતા બે વર્ષની જેલ લોનની રકમ રૂા.૧૦૦૬૧૩, તેમજ તેટલી જ રકમ રૂા ૧૦૦૬૧૩નો દંડ ચૂકવવા આદેશ કરાયો છે. જો આરોપી લોન અને દંડ ભરવામાં કોર્ટના હુકમ અનુસાર લોન અને દંડનો ભરે તો તેમને વધુ છ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે.


ઉપરોક્ત સમાચાર મળતા મંડળીના બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

### અવારનવાર મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા છતાં તંત્રને કાંઈ પડી નથી

## દામનગરમાં પડવાનાં વાંકે ઉભી રહેલ ઐતિહાસિક ઈમારતોની મરામત કરો નહી તો નવિનીકરણ કરો

**જનપ્રતિનિધિઓ અને સેવાભાવી સંસ્થાઓએ આગળ આવવું જરૂરી**





દામનગર, તા. ૨૫

દામનગરમાં આવેલ આ ત્રણ જર્જરિત ઈમારતો વિશે અગાઉ પ્રચાર માધ્યમોમાં અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. અંદર સરકારી તંત્રએ જોખમી હોવાનું સ્વીકારી, બોર્ડ મૂકેલા છે. સબંધિત તંત્ર છે તો કેમ આ ઈમારતોને ઉતારી લેવામાં નથી આવતી. આ ઈમારતો નજીકથી લોકો અવર – જવર કરે છે, નાના બાળકો ગામમાં રમત–ગમતનું એક પણ મેદાન ન હોવાથી અહીંયા ક્રિકેટ રમતા જોવા મળતા હોય છે. અધૂરામાં પૂરૂં મૂકવામાં આવેલ કચરા પેટીમાં નાખવામાં આવતો કચરો ગાય માતા, આખલાઓ અને ભૂંડ ફેંદી–ફેંદીને પેટ ભરવા ખાતા હોય તેઓના જીવનું પણ આરોગ્યની દ્રષ્ટિએ જોખમ ઉભુ થઈ રહ્યું છે. ચૂંટણી સમયે જાગૃતિ અભિયાન શરૂ થાય છે તો આત્રણેય જર્જરિત ઈમારતો માટે લોકોની અને પશુઓની ચિંતા કરી રસ લઈને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

### હજારો મેટ્રીક ટન માટીની ઉઠાંતરી કરતાં કાર્યવાહી કરાઈ

## લાઠીનાં શેખપીપરીયા ગામના ઉપસરપંચે ખનિજ તત્વોની ચોરી કરતાં ખાણ–ખનિજ અધિકારીએ ફરિયાદ નોંધાવી

**અંદાજિત રૂપિયા ૨૦ લાખની રકમની ખનિજ ચોરી કર્યાનું જણાવાયું**

અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે રહેતા અને શેખપીપરીયા ગામના ઉપસરપંચ તરીકે ચૂંટાયેલા સંજયભાઈ ધીરૂભાઈ ચોથાણીએ ગત તા.૨૬/૬/૨૩ના ૪/૩૦ કલાક પહેલા કોઈપણ સમયે વગર પાસ પરમીટે ખનિજ ૮૫૨૧ મેટ્રીક ટન માટીના જથ્થાનું ગેરકાયદેસર રીતે ખોદકામ કરી સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામાં તા. ૨૦/૩/૧૮ મુજબ સાદી માટીની ખનિજ કિંમત પ્રતિ મેટ્રીક ટન રૂપિયા ૧૭૫ લેખે ૮૫૨૧ મેટ્રીક ટનની ખનિજ રૂપિયા ૧૪,૯૧,૧૭૫ તેમજ સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગરનાં ઠરાવ મુજબ રૂપિયા ૬,૧૧,૨૯૭ની રકમની સાદી માટી ખનિજનું ગેરકાયદેસર ખનન કરતા આ બનાવ અંગે માઈન્સ સુપરવાઈઝર, ભુસ્તરશાસ્ત્રી કચેરીમાં ફરજ બજાવતા ભગીરથસિંહ ગીરવાનસિંહ ગોહિલે ઉપસરપંચ સામે માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલોપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ–૧૯૫૭ ની કલમ–૪(૧)અ,૨૧ ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) ના નિયમ–૨૦૧૭ ની કલમ–૩, ૨૧ મુજબ ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લામાં મુખ્ય આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શન તળે

## અમરેલી : અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર–૨નાં વિસ્તારમાં રાષ્ટ્રીય મેલેરીયા દિવસની ઉજવણી

**પ્રાથમિક શાળાનાં બાળકોને વાહકજન્ય રોગ વિશે સમજાવેલ**

અમરેલી, તા. ૨૫

અમરેલી મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી ડો.આર.એમ. જોશી, ડો.આર.કે. જાટ, ડો.એ.કે. સિંગ, ડો. સાલવી તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર.કે. સિન્હાના માર્ગદર્શન નીચે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર અમરેલી–૨ના મેડીકલ આફિસર ડો. કોમલબેન ડાભી, સુપરવાઈઝર નવનીત માધડના માર્ગદર્શન નીચે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર અમરેલી–૨ના તમામ વિસ્તારોમાં એમ.પી.એચ. ડબલ્યું, એફ.એચ.ડબલ્યું. તથા અશાબેનો દ્વારા રાષ્ટ્રીય મેલેરીયા દિવસ એતર્ગત અલગ–અલગ પ્રવૃતિઓ કરવામાં આવેલ જેમાં હાઉસ ટુ હાઉસ સર્વ, ડીસ્કાર કન્ટેનર, આઈ.ઈ.સી. પ્રાથમીક શાળાનાં બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવેલ. આ પ્રસંગે ડો. રાજુભાઈ કથીરીયા, આર.બી. એમ.કે. એમ.ઓ, તમામ સ્ટાફ, એમ.પી.એચ. ડબલ્યું, એફ.એચ.ડબલ્યું, આશાબેનો તથા તમામ કામગીરી મેડીકલ ઓફીસર ડો. કોમલબેન ડાભીની દેખરેખ નીચે કરવામાં આવી.

### મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા રોગો અંગે

## મોટા દેવળીયા આરોગ્ય કેન્દ્ર તાબાના ગામોમાં સર્વેલન્સની કામગીરી કરાઈ

**અંદાજીત ૬ હજાર ઘરમાં કામગીરી કરાઈ**

અમરેલી, તા. ૨૫

ગુજરાત સરકાર દ્વારા તારીખ ૨૫/૪/૨૦૨૪ ના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી પ્રસંગે પ્રાથમિક અમરોગ્ય કેન્દ્ર–મોટા દેવળીયા તળે ના ૧૯ ગામોના અંદાજીત ૬૦૦૦ ઘરોમાં સઘન સર્વેલન્સ કામગીરી કરવામા આવેલ હતી. જે ઘરીમાં ખુલ્લા પાત્રો જોવા મળેલ ત્યા ગપ્પી ફીશ મુકવામા આવેલ તેના ફાયદા વિશે ગ્રામજનોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ. ગ્રામજનો ને સતત ખુલ્લા પાત્રો ઢાકવા, શવા ચુસ્ત ઢાંકીને રાખવા, દર અઠવાડીએ પાણી ના પાત્રો સાફ–સફાઈ કરવા તથા શરીર સંપુર્ણ ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, સાંજના સમયે લીમડાનો ધુમાડલો કરવા. ઠંડી સાથે તાવ આવે તાત્કાલિક લોહીની તપાસ કરાવવી વગેરે વિવિધ આરોગ્ય શિક્ષણ આપવામા આવેલ. સાથે ગંદા પાણીના ખાડા ખાબોચિયામાં બળેલ ઓઈલ નાખવાની કામગીરી પણ કરવામા આવેલ. આમ, ઉપરોકત સંપુર્ણ આમગીરી



તાલુકા હેલ્થ ઓફિસર ડો. આર.આર. મકવાણા, પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો.મિહીર મેહતા, ડો. એમ.પી. ઠાકર, સુપરવાઈઝર રૂપેશભાઈ રાજાના માર્ગદર્શન હેઠળ તમામ મ.પ.હે.વ., ફીહે.વ., આશા ફેસી., આશા બેહનો દ્વારા કામગીરી કરવામા આવી રહી છે.

### ગામ પંચાયતના સદસ્યની આગેવાનીમાં ગામજનોએ કલેકટરને રજુઆત કરી

## આલે લે : અમરેલીનાં શેડુભારની ૬ હેકટર જમીનમાં ફોરેસ્ટ વિભાગે ગેરકાયદેસર રીતે વાયર ફેન્સીંગ કર્યુ

**૧૦ દિવસમાં ફોરેસ્ટ વિભાગ કામગીરી બંધ ન કરે તો આંદોલનની ચીમકી**

અમરેલી, તા. ૨૫

અમરેલી નજીક આવેલ શેડુભાર ગામ પંચાયતના સદસ્ય ભયલુભાઈ વાળાની આગેવાનીમાં ગામજનોએ કલેકટરને આવેદન પત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે અમરેલીના શેડુભાર ગામના સર્વે નં. ૬૦૭ પૈકી ૧ માં ૭ હેકટર જેટલી જમીનમાં ફોરેસ્ટ વિભાગના અધિકારીઓને પુછપરછ કરતાં કોઈ ગ્રામ પંચાયતની પણ કોઈ પૂર્વ મંજુરી લેવામાં આવેલ નથી.

શેડુભાર ગ્રામ પંચાયત દ્વારા અગાઉ એક હેકટરમાં વૃક્ષારોપણ માટે જમીન ફાળવવામાં આવેલ હતી જયાં વૃક્ષારોપણ કર્યા બાદ આજદિન સુધી વૃક્ષોને પાણી પાવાની કોઈ વ્યવસ્થા કરેલ નથી. શેડુભાર ગામના અમરેલી હાઈવે પર પણ ગેરકાયદેસર રીતે આશરે ત્રણ હેકટર જેટલી જગ્યામાં વાયર ફેંસીંગ કરવામાં આવેલ છે જેનો પણ અમોએ વિરોધ કરેલ નથી.

શેડુભાર ગામની વસ્તી ૧૦ હજાર જેટલી વસતી છે અહીયા ગૌચર જમીન પણ ખુબ જ ઓછી છે, પશુધનની પણ સંખ્યા પણ વિશાળ છે. માલધારીઓને પોતાના પશુઓને ચરણીયા આ એક જ મહત્વનો વિસ્તાર છે.


આ ગૌચર તથા સરકારી પડતર જમીનમાં ફોરેસ્ટ વિભાગ ધ્વારા પોતાના હોદા અને સતાનો દુર ઉપયોગ કરી કરવામાં આવી રહેલ કામગીરી તાકીદે બંધ કરાવવી જરૂરી છે. વધુમાં જણાવેલ છે કે ફોરેસ્ટ વિભાગ ધ્વારા શેડુભાર ગ્રામ પંચાયત કે સંબધીત સતાવાળાઓની મંજુરી લેવામાં આવેલ નથી તેમ છતા માથાભારે શખ્સો જે કામગીરી કરે તે ફોરેસ્ટ વિભાગ ધ્વારા કરાવવામાં આવી રહેલ છે તે તદ્ન કાયદાથી વિઢધ્ધની પ્રવૃતિ છે.

આવી રીતે ગેરકાયદેસર રીતે વાયર ફ્રેસીંગ કરી સરકારી નાંણાનો દુરઉપયોગ કરી રહેલ છે જેના પરીણામે જનતાના પૈસાનો દુરઉપયોગ સંબધિત અધિકારી કરી રહયા હોય તેમના પગારમાંથી વસુલ કરવા જોઈએ કારણ કે ગેરકાયદેસર રીતે વાયર ફ્રેસીંગ કરવામાં આવી રહેલ છે તેના કારણે થનાર ખર્ચનો કોઈ હેતુ સરે તેમ નથી.

વધુમાં જણાવેલ છે કે ગામજનો અને અને માલધારીઓના વિશાળ હિતમાં ફોરેસ્ટ વિભાગ ધ્વારા શેડુભાર ગામના સર્વે નં. ૬૦૭/૧ પૈકી માં કરવામાં આવી રહેલ વાયર ફ્રેસીંગ દિન–૧૦ માં આ ફોરેસ્ટ વિભાગની ગેરકાયદેસરની પ્રવૃતિ બંધ નહી કરાવવામાં આવે તો શેડુભાર ગામના ગ્રામજનોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે જેની સઘળી જવાબદારી અમરેલી ફોરેસ્ટ વિભાગની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં ડોર ટુ ડોર પ્રચાર કરતા ધારાસભ્ય મહેશ કસવાલા











રાષ્ટ્ર સેવાને સર્વોપરી માનનારા દેશનાં પ્રધાનમંત્રી મોદી માટે ભાજપ પરિવાર છે ને ભાજપનાં કાર્યકર્તાઓ મોદી પરિવાર તરીકે હવે ઓળખાઈ રહ્યા છે. અગાઉ ચોકીદાર બનેલા કાર્યકર્તાઓ હવે પરિવાર બનીને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં અબ કી બાર ૪૦૦ કે પાર બેઠકો લાવીને પ્રધાનમંત્રીની હેટ્રિક મારવાની ભાજપનાં કાર્યતાઓની સાવરકુંડલા તાલુકાના હાડીડા, દાધીયા, વણોટ, ઘાંડલા, ચિખલી, ભમ્મર, દેતડ, કાનાતળાવ, હાથસણી ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી ચૂંટણી મર્ટીંગોમાં ધારાસભ્ય કસવાલાએ વિકસિત ભારતનો ધ્યેય અને રાષ્ટ્ર સેવા સમર્પિત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને દેશ નહિ પણ દુનિયામાં એક નવી કેડી કંડારવાનું કામ પ્રધાનમંત્રી મોદીએ કર્યુ છે ને વિકસિત ભારત ૨૦૪૭ નાં લક્ષ સાથે કામ કરતા સમર્પિત સેવાના સારથીને ત્રીજીવાર પ્રધાનમંત્રી બનાવવા માટે દરેક ભારતીય ૨૦૨૪ની ચૂંટણીમાં અકલ્પનીય વિકટરી સાથે નરેન્દ્રભાઈ મોદી બિરાજે તે અંગે કસવાલાએ હૃદય સ્પર્શી અપીલ કરી હતી. આ ચૂંટણી મિટીંગોમાં માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન દિપકભાઈ માલાણી, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનલાલ વેકરીયા, જિલ્લા પંચાયત સદસ્ય લાલભાઈ મોર, તાલુકા ભાજપ અગ્રણી લલીતભાઈ બાળધા, આહિર સમાજના આગેવાન દેવાયતભાઈ બલદાણીયા, રાઘવભાઈ સાવલિયા, મનુભાઈ ડાવરા, સરપંચ સહિતના આગેવાનો જોડાયા હતા.

### આરએસએસ પ્રેરિત ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા

## અમરેલી, બગસરા, બાબરા સહિતનાં શહેરોમાં પાઠય પુસ્તકોનાં વિનિમય મેળા યોજાશે

### ધો. ૬થી ધો. ૧૦નાં પાઠય પુસ્તકોનું વિનિમય કરાશે

અમરેલી, તા. ૨૫

શૈક્ષણિક વર્ષની સમાપ્તિ બાદ જુનાં પાઠયપુસ્તકો પસ્તીમાં આપવાને બદલે તેનો વિનિમય કરવાનાં શુભ હેતુથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડોકટર હેડગેવાર સેવા સમિતિ દ્વારા અમરેલી જિલ્લાના છ સ્થળોએ વિનામૂલ્યે ધોરણ ૬ થી ૧૦ના પાઠયપુસ્તકોના વિનિમય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૪/૪/૨૦૨૪ને રવિવારે સવારે ૯ થી ૧ અને બપોરે ૪થી ૭સુધી (૧) આદર્શ વિદ્યાલય – બગસરા, (૨) શ્રી તાલુકા કુમાર શાળા – બાબરા, (૩) શ્રી સરસ્વતી વિદ્યામંદિર ચિત્તલ, (૪) સરદાર પટેલ પ્રાથમિક શાળા–મોટા લીલીયા, (૫) મન મંદિર શૈક્ષણિક સંકુલ–ધારી તથા (૬) જીજીબેન ફોરવર્ડ સ્કૂલ–અમરેલી ખાતે વધુમાં વધુ લોકોને લાભ લેવા જણાવાયું છે.































### ભારતે જડબાતોડ જવાબ આપ્યો

# પાકિસ્તાન અને ઈરાનના સંયુક્ત નિવેદનમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો

**નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન અને ઈરાન એ વાત પર સહમત થયા છે કે કાશ્મીર મુદ્દાને વિસ્તારના લોકોની ઈચ્છા મુજબ શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ**

લાહોર, તા.૨૫

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીની પાકિસ્તાનની ત્રણ દિવસીય મુલાકાત સમાચારોમાં હતી. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે આ પ્રવાસને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો હતો. આ પ્રવાસના છેલ્લા દિવસે પાકિસ્તાન અને ઈરાને સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના પાકિસ્તાન પ્રવાસના છેલ્લા દિવસે બંને દેશો દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાન અને ઈરાન એ વાત પર સહમત થયા છે કે કાશ્મીર મુદ્દાને વિસ્તારના લોકોની ઈચ્છા મુજબ શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ વાતચીત અને રાજદ્વારી દ્વારા કાશ્મીર વિવાદના શાંતિપૂર્ણ ઉકેલના મહત્વ પર ભાર મૂક્યો છે. કાશ્મીર મુદ્દાને વિસ્તારના લોકોની ઈચ્છા અને આંતરરાષ્ટ્રીય કાયદાના આધારે વાતચીત દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવાની જરૂર છે.તેના પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હંમેશાથી ભારતનો અભિન્ન અંગ રહ્યા છે. આ અંગે કોઈ અન્ય દેશની ટિપ્પણી કરવાનો કોઈ આધાર નથી. ભારત અગાઉ પણ કાશ્મીર મુદ્દે આવા નિવેદનોને નકારી રહ્યું છે.પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ સોમવારે ઈરાનના રાષ્ટ્રપતિ સાથેની વાતચીત બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કાશ્મીર મુદ્દે ઈરાનના વલણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પરંતુ રાયસીએ કાશ્મીર પર સીધું કંઈ કહ્યું નથી.તમને જણાવી દઈએ કે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના આમંત્રણ પર ઈરાનના રાષ્ટ્રપતિ રાયસી ૨૨ થી ૨૪ એપ્રિલ સુધી પાકિસ્તાનના પ્રવાસે હતા. આ દરમિયાન, તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હતું, જેમાં વિદેશ પ્રધાન અમીર અબ્દુલ્લાહિયા અને અન્ય વરિષ્ઠ કેબિનેટ પ્રધાનો સામેલ હતા.ભારત અને ઈરાન વચ્ચે લાંબા સમયથી રાજદ્વારી અને વેપાર સંબંધો છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલા દરમિયાન ભારત અને ઈરાન વચ્ચે અનેક રાઉન્ડની વાતચીત થઈ હતી. ભારતીય દૂતાવાસે કહ્યું છે કે ભારત અને ઈરાન વચ્ચે સદીઓ જૂના સંબંધોનો લાંબો ઈતિહાસ છે. અમારા ભૂતકાળ અને વર્તમાન સંબંધો અમારા બંને દેશોના ઐતિહાસિક અને સભ્યતાના સંબંધોની મજબૂતી પર આધારિત છે અને સતત વિકાસ પામ્યા છે.

### રાજ્યમાં પરશોત્તમ રુપાલાનો વિરોધ દિવસે દિવસે વધી રહ્યા છે

# પરશોત્તમ રુપાલાના વિરોધમાં ભાવનગરનું સોનગઢ ગામ સજ્જડ બંધ

**ગામે ગામ ક્ષત્રિય સમાજે રૂપાલાને હરાવવા માટે આંદોલન તેજ કર્યું છે**

ભાવનગર, તા.૨૫

ભાવનગરમાં પણ પરશોત્તમ રૂપાલા વિરૂદ્ધ રોષ મળ્યો છે. ભાજપના વિરોધ સાથે સોનગઢ ગામ બંધ રાખવામાં આવ્યુ છે. સોનગઢ ગામ બંધમાં નાના મોટા વેપારીઓ સહિત સૌકોઇ જોડાયું છે.

રાજયમાં પરશોત્તમ રુપાલાનો વિરોધ દિવસે દિવસે વધી રહ્યા છે. ત્યાં ભાવનગરમાં પણ પરશોત્તમ રૂપાલા વિરૂદ્ધ રોષ મળ્યો છે. ભાજપના વિરોધ સાથે સોનગઢ ગામ બંધ રાખવામાં આવ્યુ છે. સોનગઢ ગામ બંધમાં નાના મોટા વેપારીઓ સહિત સૌકોઈ જોડાયું છે. ક્ષત્રિય સમાજને પોતાનો મૂક ટેકો જાહેર કર્યો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે રૂપાલાના વિવાદીત નિવેદન બાદ હવે ગામે ગામ ક્ષત્રિય સમાજે રૂપાલાને હરાવવા માટે આંદોલન તેજ કર્યું છે.બીજી તરફ ક્ષત્રિય સમાજે ધર્મરથની શરુઆત કરી છે. જેમાં ક્ષત્રિય સમાજના લોકો લોકસભાની બેઠક પર જઈને ભાજપ વિરુદ્ધ મતદાન આપવા માટે પ્રચાર કરી રહ્યા છે. ક્ષત્રિયોના આ ધર્મરથમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો જોડાયા છે.

### લોકસભા ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા

# લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમાં ૧૦ IPS અને ૨ SPS અધિકારીઓની બદલી

**રાજ્યના ગૃહ વિભાગે અધિકારીઓની બદલીના આદેશ આપ્યા છે**

અમદાવાદ, તા.૨૫

લોકસભા ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યના ગૃહ વિભાગે અધિકારીઓની બદલીના આદેશ આપ્યા છે. ૧૦ આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે જ્યારે ૨ SPSની પણ બદલી કરવામાં આવી છે. આમ ગૃહ વિભાગે કુલ ૧૨ અધિકારીઓની બદલી કરી છે. લોકસભા ચૂંટણી પહેલા પોલીસબેડામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. રાજ્યના ૧૨ IPS અધિકારીઓની બદલી

●શરદ સિંઘલને અમદાવાદ ક્રાઈમ બ્રાંચના JCP તરીકે નિયુક્તિ

●નીરજ બડગુર્જરને ફરીથી અમદાવાદ સેક્ટર-૧ એડી. CP બનાવાયા

●ચૈતન્ય માંડલિક ગાંધીનગર CID ક્રાઈમ SP તરીકે નિયુક્તિ

●અજીત રાજીયન અમદાવાદ શહેર ક્રાઈમના DCP બનાવાયા

●ડૉ. લવીના સિન્હા અમદાવાદ શહેર સાયબર ક્રાઈમના DCP

●હિમાંશુ વર્માને અમદાવાદ DCP ઝોન-૧ તરીકે નિમણુંક

●પોસ્ટિંગની રાહમાં રહેલા ગગનદીપ ગંભીરની IGP (એડમિનિસ્ટ્રેટિવ) તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

●રાઘવેન્દ્ર વત્સની સુરત શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

●મનીષસિંઘની મોટર ટ્રાન્સપોર્ટના એસપી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

●ઉષા રાડાની SRPF, ગ્રૂપ-૬ (મુડેટી,સાબરકાંઠા)ના કમાન્ડન્ટ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

આજરોજ ચૂંટણી પંચે કરેલા આઈપીએસ અધિકારીઓની બદલીના હુકમમાં વેઈટિંગ ફોર પોસ્ટિંગ અને ઈન્ચાર્જ જગ્યાઓ ભરવાની પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમાં પણ અમદાવાદ શહેરની ત્રણ જગ્યા પર પોસ્ટિંગ તેમજ શરદ સિંઘલ, ભારતી પંડ્યા, ઉષા રાડા અને ચૈતન્ય માલિકને વેઈટિંગ ફોર પોસ્ટિંગમાંથી ચાર્જ સોંપવામાં આવ્યો છે. એટલે કે, હવે તેમને નવી નિમણૂંક મળી ગઈ છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ચૂંટણી હોવાના કારણે જે પોસ્ટ ખાલી હતી તે હવે ભરી દેવામાં આવી છે. જેના કારણે અમદાવાદ શહેરને મહત્વની પોસ્ટ ગણાતા વિસ્તારમાં અધિકારીઓની નિમણૂંક થઈ ગઈ છે.લોકસભા ચૂંટણી પહેલા રાજ્યમાં ૩૫ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગૃહ વિભાગે IPSની બદલી અને પ્રમોશનના ૩૫ ઓર્ડર કર્યો હતો. જેમાં અનુપમસિંહ ગેહલોત સુરતના નવા પોલીસ કમિશનર બનાયા હતા. નરસિમ્હા કોમર વડોદરાના નવા પોલીસ કમિશનર બનાવાયાયા હતા. જે.આર.મોથલિયા અમદાવાદ રેન્જના આઈજી,ચિરાગ કોરડીયા બોર્ડર રેન્જ આઈજી, ઈમ્તિયાઝ શેખને છોટાઉદેપુરના SP બનાવાયા હતા. ઉલ્લેખનિ છે કે, હસમુખ પટેલ સહિત ૨૦ IPSને પ્રમોશન આપવામાં આવ્યું હતું. જી.એસ.મલેકને ડીજી તરીકે બઢતી કરાઈ હતી. ADGP એવા ચાર IPSની DG તરીકે બઢતી કરી હતી. નરસિમ્હા કોમર વડોદરા સીપી તરીકે ચાર્જ લેશે. ઓમ પ્રકાશ જાટ અમદાવાદ ગ્રામ્ય એસપી, આર.વી.અસારીનું પંચમહાલ ગોધરા રેન્જ આઈજી તરીકે પ્રમોશન થયું. આર.વી.અસારીનું DIGઆઈજી તરીકે પ્રમોશન થયું. મનોજ અગ્રવાલનું DGP તરીકે પ્રમોશન,ડૉ.કે.એલ.એન.રાવનું DGP તરીકે પ્રમોશન, તો સુનિલ જોશીનું DIG તરીકે પ્રમોશન થયું. તરૂણ દુગ્ગલ મહેસાણાના SP બન્યા. શિવમ વર્મા અમદાવાદ ઝોન-૭ના DCP બન્યા. ગૌરવ જસાણીને આણંદના SP બનાવાયા. મહેન્દ્ર બગરીયાનું DIG તરીકે પ્રમોશન થયું. દિપક મેઘાણીનું DIG તરીકે પ્રમોશન થયું. લીના પાટીલનું DIG તરીકે પ્રમોશન થયું. સ્વેતા શ્રીમાળીનું પણ DIG તરીકે પ્રમોશન થયું. નિર્લિપ્ત રાયનું DIG તરીકે અને કે.એન.ડામોરનું DIG તરીકે પ્રમોશન થયું. એસ.જી.ત્રિવેદીનું ADGP તરીકે પ્રમોશન થયું. નિલેશ જાજડીયાનું IGP તરીકે પ્રમોશન થયું છે. બિપીન આહિર, શરદ સિંઘલ અને પી.એલ.મલનું IGP તરીકે પ્રમોશન થયું

### દાંતામાં ભાજપે મોટો ખેલ પાડ્યો

# કોંગ્રેસના ગઢમાં સભા કરી ૨૦૦૦થી વધુ કોંગ્રેસીએ ધારણ કર્યો કેસરિયો

**હડાદ મુકામે ભાજપની જંગી સભાઃ રમીલા બેન બારા, કિર્તીસિંહ વાઘેલા સાથે જિલ્લાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સભામાં હાજર રહ્યા હતા**

દાંતા, તા.૨૫

ભારતીય જનતા પાર્ટી ની ત્રીજી વાર સરકાર બને તે માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ને સાથે સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાત હોમ ગ્રાઉન્ડ હોવાના લીધે ગુજરાતની તમામ સીટો ભારતીય જનતા પાર્ટીને મળે તેને લઈને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદેદારો સહિત નેતાઓ સ્વભાવ અને રેલીઓ કરી જન જન સુધી પહોંચી રહ્યા છે. લોકસભા ૨૦૧૪ અને લોકસભા ૨૦૧૯ માં ભારતીય જનતા પાર્ટી ની સરકાર બનાવવા માટે બનાસકાંઠા જિલ્લાના લોકો અને મતદારોનો મોટો ફાળો રહ્યો છે. ત્યારે આ વખતે પણ લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીમાં બનાસકાંઠા જિલ્લો ભારી બહુમતીથી ભારતીય જનતા પાર્ટીને વિજય બનાવશે. આજે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું હડાદ મુકામે બીજેપી ની જંગી સભા યોજવામાં આવી હતી.

આ સભામાં રાજયસભાના સાંસદ રમીલાબેન બારા અને ભાજપના જિલ્લા ભાજપ ભાજપ કિર્તીસિંહ વાઘેલા સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તો અને હોદેદારો આ સભામાં જોડાયા હતા.

આજે હડાદ વિસ્તાર ના આદિવાસી અગ્રણી ચંદ્રકાંત બેગડીયા છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. ત્યારે આજે હડાદ મુકામે યોજાયેલી સભામાં ભાજપમાં જોડાયા હતા તો સાથે તેમના સમર્થકો ૨૦૦૦ જેટલા સમર્થકો પણ ભાજપ પાર્ટી નો કેસરિયો ધારણ કર્યો હતો.

એક બાજુ ક્ષત્રિય સમાજનું આંદોલન અને રોડ ભાજપ પાર્ટી વિરુદ્ધ જોવા મલ્યો છે ત્યારે હડાદ મુકામે આજે ૨૦૦૦ થી વધુ કોંગ્રેસના કાર્યકર્તાઓ ભાજપ સાથે જોડાયા હતા. અને ફરી એકવાર ભાજપ સરકાર બને તે હેતુ થી ભાજપ ને સમર્થન જાહેર કર્યું હતું. આમ ભાજપા ક્યાંક ને ક્યાંક કોંગ્રેસ નાં ગઢ માં ગાબડાં પાડવા માં સફળ થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે.

### ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે

# NASA ચંદ્ર પર ભૂકંપની ઓળખ કરશે ખાસ મશીન

**ભૂકંપના કારણે થતા નુકસાનને ટાળવા માટે ઘણી જગ્યાએ અર્લી વોર્નિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં પણ આવે છે**

ન્યુ દિલ્હી, તા.૨૫

તમે ભૂકંપના ઘણા સમાચાર સાંભળ્યા હશે. આપણે ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ સહિત દુનિયાભરમાંથી ભૂકંપની ઘટનાઓ સામે આવે છે. ભૂકંપના કારણે થતા નુકસાનને ટાળવા માટે ઘણી જગ્યાએ અર્લી વોર્નિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં પણ આવે છે. જેના કારણે ભૂકંપના આંચકાની સમયસર ખબર પડી જાય છે અને લોકોને સલામત સ્થળે પહોંચાડવામાં આવે છે. આ તો વાત થઈ આપણી પૃથ્વીની, પરંતુ શું તમે ક્યારેય એવો સવાલ થયો છે કે ચંદ્ર પર પણ ભૂકંપ આવે છે?ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે. તમને જાણીને નવાઈ લાગશે કે પૃથ્વીની જેમ ચંદ્ર પર પણ ભૂકંપ આવે છે. હવે, જેમ પૃથ્વી પર ધરતીકંપ શોધવા માટે સિસ્મોમીટરનો ઉપયોગ કરવામાં આવે છે, તેવી જ રીતે ચંદ્ર પર ધરતીકંપ શોધવા માટે સિસ્મોમીટરનો ઉપયોગ કરવાની તૈયારી ચાલી રહી છે. આ કામ બીજું કોઈ નહીં પણ નાસા કરી રહ્યું છે. અમેરિકન સ્પેસ એજન્સી 'નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન' (NASA) તેના આર્ટેમિસ ૩ માનવ ચંદ્ર મિશન પર કામ કરી રહી છે. આ એક ક્રૂ મૂન મિશન છે જે અંતર્ગત અવકાશયાત્રીઓ પણ ચંદ્ર પર જશે. નાસા આ મિશન પર ત્રણ પેલોડ પણ મોકલશે, જેમાંથી એક લુનર એન્વાયરમેન્ટ મોનિટરિંગ સ્ટેશન છે. આ પેલોડ ચંદ્ર પર ધરતીકંપને શોધી કાઢશે.

### JEE મેઇન સેશન-૨ ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ

# IIT-JEE મેન્સના પરિણામમાં ગુજરાતના ૨ વિદ્યાર્થીઓનો દબદબો

**કુલ ૫૬ ઉમેદવારોએ પરિણામમાં ૧૦૦ NTA સ્કોર્સ મેળવ્યા છે**

અમદાવાદ, તા.૨૫

JEE મેઈન સેશન-૨ ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૪મી એપ્રિલની મોડી રાત્રે JEE મેઈન ૨૦૨૪નું પરિણામ જાહેર કર્યું હતું. આ પરીક્ષામાં ૫૬ ઉમેદવારોએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે, જેમાંથી મોટાભાગના ઉમેદવારો તેલંગાણા રાજ્યના છે. જ્ઈઈ મેઈનમાં હાજર રહેલા ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ jeemain.nta.ac.in પર તેમના પરિણામો ચકાસી શકે છે. કુલ ૫૬ ઉમેદવારોએ પરિણામમાં ૧૦૦ NTA સ્કોર્સ મેળવ્યા છે. ૫૬ ઉમેદવારોમાંથી કર્ણાટકની સાનવી જૈન અને દિલ્હીની શાયના સિન્હા એ બે મહિલા છે જેમને ૧૦૦ NTA સ્કોર હાંસલ કર્યો છે, બાકીના બધા પુરૂષ છે. JEE મેઈન સેશન-૨ના પરિણામો ૨૪ એપ્રિલના રોજ લગભગ ૧૧:૨૭ વાગ્યે બહાર પાડવામાં આવ્યા હતા. JEE મેઈન સેશન-૨ ૨૦૨૪ માટેની પરીક્ષા ૪ થી ૧૨ એપ્રિલ દરમિયાન ભારતના ૩૧૯ શહેરોમાં અને વિદેશના ૨૨ શહેરોમાં યોજાઈ હતી. લગભગ ૧૨.૫૭ લાખ વિદ્યાર્થીઓએJEE Mainsની પરીક્ષા આપી હતી. પરીક્ષા માટે ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.પરીક્ષા આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂમાં લેવામાં આવી હતી.૫૬ ઉમેદવારોમાંથી તેલંગાણામાંથી ૧૫, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ૭-૭, દિલ્હીમાંથી ૬, રાજસ્થાનમાંથી ૫, કર્ણાટકના ૩, ગુજરાત, તમિલનાડુ, પંજાબ અને હરિયાણામાંથી ૨, ઝારખંડ, ચંડીગઢ, ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી ૧-૧ વિદ્યાર્થીએ ૧૦૦ ટકા માર્ક્સ મેળવ્યા છે.

### અંબાલાલ પટેલની આંધી-વંટોળની આગાહી

# ગુજરાતમાં મે મહિનામાં આકરી ગરમી વચ્ચે હવામાનમાં પલટો આવવાની શક્યતા

**ગુજરાતમાં આકરી ગરમી પડવાની સાથે હવામાનમાં પલટો આવવાની શક્યતાઓ પણ આગામી દિવસોમાં જોવાઈ રહી છે**

અમદાવાદ, તા.૨૫

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા ગુજરાતમાં આગામી દિવસોમાં દેહ દઝાડતી ગરમી પડવાની સંભાવનાઓ વ્યક્ત કરીને વધુ કેવા ફેરફારો આવી શકે છે તે અંગેની માહિતી આપી છે. અંબાલાલ પટેલે ગુજરાતમાં આંધી-વંટોળ સાથે વરસાદી માહોલ ઉભો થવાની શક્યતાઓ પણ વ્યક્ત કરી છે. તારીખ ૨૬થી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શક્યતાઓ છે. આ પછી તારીખ ૨૭ અને ૨૮ દરમિયાન વાદળવાયું આવવાની શક્યતાઓ છે. આ સાથે રાજસ્થાન અને મધ્યપ્રદેશ તથા પૂર્વ ભારતમાં કેટલાક ભાગોમાં પ્રીમોન્સુન એક્ટિવિટી થઈ શકે છે. ગુજરાતમાં આકરી ગરમી પડવાની સાથે હવામાનમાં પલટો આવવાની શક્યતાઓ પણ આગામી દિવસોમાં જોવાઈ રહી છે તેવું અંબાલાલ પટેલ જણાવે છે.

અંબાલાલ પટેલ કહે છે કે, નજીકના સમયમાં અરબ અને બંગાળના સાગરનો ભેજ એકત્રિત થશે, આવામાં ૨૮ અને ૨૯ તારીખ દરમિયાન ગરમીનું પ્રમાણ વધશે, જેમાં મધ્ય ગુજરાતના ભાગોમાં ૪૩થી ૪૪ ડિગ્રી મહત્તમ તાપમાન જાય તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે. આ સાથે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ તાપમાન ઊંચું જવાની શક્યતાઓ છે. ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં તથા ઉત્તર ગુજરાતમાં ૪૧ ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન રહેવાની શક્યતાઓ છે. એપ્રિલના અંતમાં ગરમીનો આકરો રાઉન્ડ આવવાની શક્યતાઓ અંબાલાલ વ્યક્ત કરી રહ્યા છે. આ સિવાય મે મહિનામાં દેશમાં પ્રીમોન્સુન એક્ટિવિટીની શરુઆત થશે. ૧૦-૧૪ મેમાં આંધી-વંટોળ અને ભારે પવન સાથે પ્રીમોન્સુન એક્ટિવિટી રહેવાની સંભાવનાઓ છે.

અંબાલાલ પટેલે ગુજરાતમાં ગરમીનું પ્રમાણ એપ્રિલના અંતમાં તથા મે મહિના દરમિયાન વધુ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. ગુજરાતના વિવિધ ભાગોમાં તાપમાનનો પારો ૪૦ને પાર જવાની સંભાવનાઓ તેઓ વ્યક્ત કરે છે. તારીખ ૨૬થી ૨૮ એપ્રિલ દરમિયાન કચ્છના હવામાનમાં પલટો આવવાની શક્યતાઓ પણ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ વ્યક્ત કરી રહ્યા છે. આ દરમિયાન ક્યાંક વરસાદી ઝાંટા પણ થઈ શકે છે.

### ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ

# ગુજરાતમાં પ્રચાર માટે આવશે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી

**રાજકોટમાં કનૈયા કુમાર અને અલકા લાંબાને પ્રચાર માટે મેદાનમાં ઉતારવામા આવશે**

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ થઇ ગયો છે. આગામી દિવસોમાં રાષ્ટ્રીય નેતાઓ પણ ગુજરાતમાં ધામા નાખશે .હાલ મુખ્ય રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ તેના મતદારોને રીઝવવા માટે મતદાન પૂર્વેના એક સપ્તાહ દરમિયાન કાર્પેટ બોમ્બાર્ડીગ શરૂ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિવસે પ્રવાસ કાર્યક્રમનો પ્રારંભ કરશે તો રાહુલ ગાંધી તે પૂર્વે ૨૯મીએ પાટણમાં, પ્રિયંકા ગાંધી ૨૭ મીએ ધરમપુરમાં જાહેર સભા ગજવશે. કોંગ્રેસના નેતાઓ ૨૬ એપ્રિલથી ૫ મે સુધી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. તો રાજકોટની હાઈ પ્રોફાઈલ બેઠક પર કનૈયા કુમાર અને અલકા લાંબાને પ્રચાર માટે મેદાનમાં ઉતારવામા આવશે

ગુજરાતમાં ૭મી મેના રોજ મતદાન થવાનું છે પરંતુ ચૂંટણી પ્રચારનો ગરમાવો જોવા મળતો નથી. આકરાં તાપને કારણે રાજકીય પાર્ટીઓ મોટા કાર્યક્રમોના સ્થાને નાના ગૃપમાં, જ્ઞાતિ-જાતિના સમૂહો વચ્ચે પ્રચાર કરી રહ્યા છે. પરંતુ મતદારોમાં ઉત્સાહ જોવા મળતો નથી. ત્યારે કોંગ્રેસના મોવળીમંડળે ગુજરાતમાં મતદારોને આકર્ષવા માટે રાહુલ અને પ્રિયંકા ગાંધી ઉપરાંત કોંગ્રેસના વર્તમાન અને પૂર્વ મુખ્યમંત્રીઓ, સ્ટાર પ્રચારકો સાથે ગુજરાતને ઘમરોળી એક પછી એક સભા ગજાવીને મતદારોના મતો અંકે કરવાનું આયોજન કર્યુ છે. કેન્દ્રીય નેતાઓની સભાની સાથોસાથ યુવા વર્ગને આકર્ષવા માટે મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા અલકા લાંબા અને કનૈયાકુમારને પણ બનાસકાંઠા અને રાજકોટ બેઠક પર પ્રચારમાં ઉતારાશે.

સમય બાકી છે ત્યારે આગામી ૨૬ એપ્રિલથી ૫ સુધી કોંગ્રેસના દેશભરના નેતાઓ ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી ૨૯મી એપ્રિલે પાટણમાં જ્યારે પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુર ખાતે જાહેરસભાને સંબોધીને ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો બ્યૂગલ ફૂંકશે. પ્રથમ તબક્કામાં પાટણ અને ધરમપુરમાં સભા બાદ ફરીથી બંને નેતાની વધુ સભા યોજવાનું પણ આયોજન થઈ રહયુ છે.કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પહેલી મેની આસપાસ ગુજરાતમાં ચાર દિવસનું રોકાણ કરીને ચારેય ઝોનમાં એક એક સભા સંબોધે તેવું આયોજન થઈ રહ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓના ગુજરાતના આગમન પહેલા રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી મુકુલવાસનિક ગુજરાતમાં ડેરા તંબુ તાણીને પ્રદેશના નેતાઓ સાથે કેન્દ્રીય નેતાઓની સભાના સ્થળ સહિતના આયોજન પર સીધી દેખરેખ રાખશે.

### હનુમાનજી મંદિરે દર્શને જતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર

# સાળંગપુર હનુમાન જવા માટે હેલિકોપ્ટર સુવિધા શરૂ થશે

**આ હેલિકોપ્ટર સુવિધા શરૂ થયા બાદ માત્ર ૪૦ મિનિટમાં જ પહોંચી શકાશે**

અમદાવાદ, તા.૨૫

અમદાવાદથી બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે આવેલા કષ્ટભંજન હનુમાનજી મંદિરે દર્શને જતા શ્રદ્ધાળુઓ માટે સારા સમાચાર છે. અહેવાલો અનુસાર, કાંકરિયાથી સાળંગપુર મંદિર સુધી ડેઈલી હેલિકોપ્ટર સુવિધા શરૂ થવા જઈ રહી છે. નોંધનિય છે કે, અમદાવાદથી સાળંગપુર પહોંચતા અઢી કલાકથી વધુનો સમય લાગે છે. જો કે, આ હેલિકોપ્ટર સુવિધા શરૂ થયા બાદ માત્ર ૪૦ મિનિટમાં જ પહોંચી શકાશે.મળતી માહિતી અનુસાર, યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અમદાવાદથી સાળંગપુર સુધી હેલિકોપ્ટર રાઈડ મે મહિનામાં શરૂ કરી શકે છે. સાળંગપુર હનુમાનજી મંદિર તરફથી મંદિરથી ૭૦૦ મીટરના અંતરે બે હેલિપેડ બનાવાયા છે.આ હેલિકોપ્ટરમાં છ લોકોની સિટિંગની ક્ષમતા હશે.ઉલ્લેખનીય છે કે, યાત્રાધામ વિકાસ બોર્ડ શ્રી નાથજી, અંબાજી, પાલીતાણા, સાળંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ તલગાજરડા સહિતના યાત્રાધામોમાં હેલિકોપ્ટર રાઈડ શરૂ થઈ શકે છે.

# કાપોદ્રામાં ગેસ રિફલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો

સુરત, તા.૨૫

કાપોદ્રામાં ગેસ રિફલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો છે. ગેસ રીફલિંગ કૌભાંડમાં પોલીસે મોટી કાર્યવાહી કરતા ૪૫થી વધુ બોટલ જપ્ત કરતા ૧૩ દુકાનદારોની ધરપકડ કરી છે. શહેરમાં મોટાપાયે ગેસ રીફલિંગ કૌભાડ ચાલતું હતું. આ કૌભાંડમાં પોલીસ કડક કાર્યવાહી કરી છે. શહેરમાં લોકોમાં ખાન-પાનની માંગ વધી છે. આથી રસ્તાઓ પરના લારીઓમાં ખાણીપીની ચીજવસ્તુઓ બનાવવા ગેસ બાટલાની જરૂરીયાત ઉભી થઈ છે. લારીઓ વાળા સસ્તા બાટલાના લોભમાં ગેસરિફલિંગ કરાવતા હોય છે.કાપોદ્રા વિસ્તારમાં પોલીસને બાતમી મળી હતી કે ગેસ સર્વિસની દુકાનમાં મોટું ગેસ રિફલિંગનો કૌભાંડ ચાલી રહ્યું છે. બાતમીના આધારે પોલીસ ઘટના સ્થળ પર પંહોચી અને જુદી-જુદી દુકાનો પર રેડ પાડતા કુલ ૧૩ આરોપીઓની ઝડપી પાડ્યા છે. આ સાથે બે દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.પોલીસે આરોપીઓને રંગે હાથ ઝડપી પાડવા ઈક્રમટેક્ષ ડિપાર્ટમેન્ટની ટીમની જેમ અલગ-અલગ કુલ ૪ ટીમો બનાવી હતી. દરેક ટીમમાં ૪ અધિકારી હતા અને આ દરોડામાં કુલ ૨૦ પોલીસ કર્મચારીઓ પણ સાથે હતા. દરોડામાં કુલ ૪૫થી વધુ ગેસના બાટલા ઉપરાંત ગેસ રિફલિંગના ૧૩ મશીન, વજન કાંટા, ગેસભરવાનો વાલ સહિતનો કુલ ૧,૪૪,૧૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બાતમીના આધારે શંકાસ્પદ સ્થળો પર દરોડા પાડી ૧૩ શખ્સ વિરુદ્ધ ગુના નોંધી ફરિયાદ દાખલ કરતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ટિપ્પણી કરનાર યુવક જૂનાગઢનો રહેવાસી

# પ્રધાનમંત્રી મોદી વિરુદ્ધ ટિપ્પણી કરનારની ધરપકડ

**પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરાઈ છે**

જુનાગઢ, તા.૨૫

PM મોદી વિરૂધ્ધ આપત્તિજનક ટિપ્પણી કરનાર યુવકની જુનાગઢથી ધરપકડ કરવામાં આવી છે. જુનાગઢના હૈદર નામના યુવાન દ્વારા પીએમ મોદી માટે સોશિયલ મીડિયા પર આપત્તિજનક ટિપ્પણી કરાઈ હતી. પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરાઈ છે. આ યુવક જૂનાગઢનો રહેવાસી છે. જૂનાગઢના યુવકની PM મોદી વિરૂધ્ધ ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. હૈદર કુરેશી નામના યુવાનની ધરપકડ કરાઈ છે. હૈદર નામના યુવક દ્વારા PM મોદી માટે આપત્તિજનક ટિપ્પણી 'આઈ લવ માય જૂનાગઢ' નામના વૉટ્સએપ્પ ગ્રુપ પર કરાઈ હતી. એટલુ જ નહિ, તેણે સોશિયલ મીડિયા પર પણ પીએમ વિરુદ્ધ ખરાબ શબ્દો વાપર્યા હતા. બાદમાં પોસ્ટ ડિલીટ કરી પુરાવાનો નાશ કર્યો હતો. ત્યારે સમગ્ર મામલો બહાર આવતા જુનાગઢ પોલીસ દ્વારા ગુનો દાખલ કરાયો છે. જુનાગઢ પોલીસે IPC ૧૫૩(b) ૫૦૫(૨) અને ૫૦૪ મુજબ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### હીટવેવની આગાહી વચ્ચે શુક્રવારે મતદાન

# દેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ આજે મતદાન

## આ તબક્કા હેઠળ કેરળના વાયનાડમાં પણ મતદાન થવાનું છેઃ આ બેઠક પરથી રાહુલ ગાંધી ફરી એકવાર ચૂંટણી મેદાનમાં છે

નવીદિલ્હી, તા.૨૫

દેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ શુક્રવારે મતદાન થવાનું છે. આ તબક્કા હેઠળ કેરળના વાયનાડમાં પણ મતદાન થવાનું છે. આ બેઠક પરથી રાહુલ ગાંધી ફરી એકવાર ચૂંટણી મેદાનમાં છે. અહીં તેમનો મુકાબલો કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI) ના નેતા એની રાજા સાથે થશે. પરંતુ આ સમય દરમિયાન તમામની નજર ઉત્તર પ્રદેશની બે હાઈપ્રોફાઈલ સીટો રાયબરેલી અને અમેઠી પર રહેશે.વાસ્તવમાં આ બંને સીટો માટે નોમિનેશન ૨૬ એપ્રિલથી શરૂ થશે. સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અમેઠી અને રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સીટો પર ઉમેદવારીની જાહેરાત પહેલા પ્રિયંકા અને રાહુલ અયોધ્યા જઈને રામ લલ્લાના દર્શન કરી શકે છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા આ બંને બેઠકો પરથી ચૂંટણી લડી શકે તેવી પૂરી સંભાવના છે. જોકે, સૂત્રોનું કહેવું છે કે આ બંને બેઠકો અંગે ઔપચારિક જાહેરાત ૩૦ એપ્રિલ પહેલા કરવામાં આવશે નહીં. કોંગ્રેસના નેતાઓએ પણ આ બે બેઠકો પર રાહુલ અને પ્રિયંકાની સંભવિત ઉમેદવારી અંગે કંઈ કહ્યું નથી.સૂત્રોનું એમ પણ કહેવું છે કે અમેઠી અને રાયબરેલી જતા પહેલા રાહુલ અને પ્રિયંકા અયોધ્યા જઈ શકે છે, જ્યાં તેઓ રામ લલ્લાના દર્શન કરશે. જો કે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ સંકેત આપ્યો છે કે જો રાહુલ અને પ્રિયંકા આ બેઠકો પરથી ચૂંટણી લડવાનું નક્કી કરે છે, તો આ બેઠકો પર ૧ અને ૩ મેના રોજ નામાંકન થઈ શકે છે. તમને જણાવી દઈએ કે અહીં નોમિનેશનની છેલ્લી તારીખ ૩ મે છે. યુપી કોંગ્રેસની ટીમને ૧લી મેની સંભવિત તારીખ આપવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ ૧ મેના રોજ અમેઠીમાં પોતાની તાકાતનું પ્રદર્શન કરશે.મળતી માહિતી મુજબ ૨૬મી એપ્રિલની ચૂંટણી બાદ રાહુલ ગાંધી ૨૭મી એપ્રિલે અમેઠી પહોંચે તેવી શક્યતા છે. તેઓ ૧લી મેના રોજ ઉમેદવારી નોંધાવી શકે છે.અમેઠી અને રાયબરેલી કોંગ્રેસની પરંપરાગત બેઠકો રહી છે. રાહુલ ગાંધી બે વખત અમેઠીથી લોકસભા સાંસદ રહી ચૂક્યા છે, જ્યારે વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી રાયબરેલીથી સતત જીતનો ઝંડો લહેરાવી રહ્યાં છે.સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ગયા શુક્રવારે ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ૬૫.૫ ટકા મતદાન થયું હતું.૨૬ એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની તમામ ૨૦ બેઠકો, કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો, રાજસ્થાનની ૧૩ બેઠકો, મહારાષ્ટ્રની ૮ બેઠકો, ઉત્તર પ્રદેશની ૮ બેઠકો, મધ્ય પ્રદેશની ૭ બેઠકો, આસામની ૫ બેઠકો, બિહારની ૫ બેઠકો, છત્તીસગઢની ૩ બેઠકો, પશ્ચિમ બંગાળની ૩ બેઠકો, મણિપુરની એક, ત્રિપુરાની એક તથા જમ્મુ-કાશ્મીરની એક બેઠકનો સમાવેશ થાય છે.૨૬ એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં જે અગ્રણી નેતાઓનું ભાવિ નક્કી થવાનું છે તેમાં કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), ભાજપના તેજસ્વી સૂર્યા (કર્ણાટક), હેમા માલિની (ઉત્તર પ્રદેશ), અરૂણ ગોવિલ (ઉત્તર પ્રદેશ), રાહુલ ગાંધી (વાયનાડ), શશી થરુર (તિરુવનંતપુરમ), કર્ણાટકના નાયબ મુખ્યપ્રધાન ડી કે શિવકુમારના ભાઈ ડી કે સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યપ્રધાન એચ ડી કુમારસ્વામી (જેડીએસ)નો સમાવેશ થાય છે. શુક્રવારની ચૂંટણી પછી કેરળ, રાજસ્થાન અને ત્રિપુરાની તમામ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ જશે.

આ અગાઉ ૧૯ એપ્રિલે યોજાયેલી પ્રથમ તબક્કાની ચૂંટણી પછી તમિલનાડુ (૩૯ બેઠકો), ઉત્તરાખંડ (૫ બેઠકો), અરૂણાચલ પ્રદેશ (૨ બેઠકો), મેઘાલય (૨ બેઠકો), આંદામાન અને નિકોબાર (૧ બેઠક), મિઝોરમ (૧ બેઠક), નાગાલેન્ડ (૧ બેઠક), પુડુચેરી (૧ બેઠક), સિક્કિમ (૧ બેઠક), લક્ષદ્વીપ (૧ બેઠક)ની તમામ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ ગયું હતું.બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે જે ૮૯ બેઠકો માટે મતદાન થવાનું છે તે પૈકી ૨૦૧૯માં એનડીએએ ૫૬ અને યુપીએએ ૨૪ બેઠકો જીતી હતી. ત્રીજા તબક્કા હેઠળ સાત મેના રોજ ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૯૪ બેઠકો પર મતદાન યોજાશે

### ક્ષત્રિયોની અરજીને યોગ્ય બેન્ચ સમક્ષ મુકવાની હાઇકોર્ટનું સૂચન

# ક્ષત્રિય સમાજ કાળા વાવટા નહીં કેસરિયા વાવટાથી વિરોધ કરશે

## પોલીસ કમિશ્નરે વિરોધ કરતા રોકવા, કાળા વાવટા ફરકાવતા રોકવા આચાર સંહિતાના અમલ દરમિયાન તેના ઓથા હેઠળ અમદાવાદ શહેર માટે CRPCની કલમ ૧૪૪ અંતર્ગત જાહેરનામું બહાર પાડ્યું છે

અમદાવાદ, તા.૨૫

ગુજરાત હાઈકોર્ટમાં રાજપૂત સમાજના અગ્રણી અર્જુનસિંહ ગોહિલ દ્વારા એક અરજી કરવામાં આવી હતી. જે ૨૩ એપ્રિલે ગુજરાત હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. સુનાવણીમાં બેન્ચે રજિસ્ટ્રીને સૂચન કર્યું હતું કે, આ મેટરને યોગ્ય બેન્ચ સમક્ષ મૂકવામાં આવે. જો કે, હજી સુધી રજિસ્ટ્રી દ્વારા કઈ બેન્ચ સમક્ષ મેટર મૂકવી તે નક્કી થયું ન હોવાની માહિતી મળી રહી છે. બીજી તરફ સિસ્ટમ જનરેટેડ તારીખ ૧૬ મે બતાવી રહી છે. અરજદારના એડવોકેટે ૨૩ એપ્રિલે જણાવ્યું હતું કે, તેમની પાસે ફક્ત ૧૫ દિવસનો સમય છે. ત્યારબાદ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાશે, જો કે, કોર્ટે કહ્યું હતું કે ,૧૫ દિવસ હોય કે એક દિવસ યોગ્ય બેન્ચ જ આ મેટર સાંભળશે.

ઉલ્લેખનીય છે કે, ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ઉપર મતદાન થવાનું છે અને ૫ તારીખથી પ્રચાર બંધ કરવામાં આવશે. ત્યારે ક્ષત્રિય સમાજે પણ રણનીતિ બદલીને કાળા વાવટાની જગ્યાએ કેસરિયા વાવટાનો ઉપયોગ કરશે. સુપ્રીમ કોર્ટમાં પણ આ સંદર્ભે કોઈ અરજી થઈ નથી. ત્યારે હવે આવતીકાલે અરજદાર દ્વારા ચીફ જજની બેન્ચ સમક્ષ આ અરજી ઉપર વહેલી તકે સુનાવણી માટે રજૂઆત કરવામાં આવશે. જો કે, યોગ્ય બેન્ચ સમક્ષ અરજી ઉપર સુનાવણી થાય તો પણ સામે પક્ષે નોટિસ અને તેનો જવાબ રજૂ કરવામાં સમય જાય તો ખૂબ ઓછો સમય બચશે.

હાઈકોર્ટમાં થયેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, અરજદારના બંધારણીય હકોનો ભંગ થઈ રહ્યો છે, બંધારણના આર્ટિકલ ૧૯ અને ૨૧નો ભંગ થઈ રહ્યો છે. અરજદારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરનાં ૧૬ એપ્રિલ, ૨૦૨૪ના જાહેરનામાને હાઈકોર્ટમાં પડકાર્યું છે. પોલીસ કમિશ્નરે વિરોધ કરતા રોકવા, કાળા વાવટા ફરકાવતા રોકવા આચાર સંહિતાના અમલ દરમિયાન તેના ઓથા હેઠળ અમદાવાદ શહેર માટે CRPCની કલમ ૧૪૪ અંતર્ગત જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ ભેગા મળીને વિરોધ અને બેનર બતાવવા ઉપર પ્રતિબંધ છે. રાજપૂત સમાજ શાંતિથી દેખાવો કરી રહ્યો છે. અત્યાર સુધીમાં કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. દેખાવથી જાહેર જનતાને પણ અગવડ પડી નથી. પરંતુ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામા અનુસાર શાંતિપૂર્વક દેખાવો થઈ શકતા નથી.ભાજપ નેતા પુરુષોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજ વિરુદ્ધ અયોગ્ય નિવેદન આપ્યું છે. તેમના વિરોધને રોકવા આ જાહેરનામું બહાર પડાયું છે. આ ઝઈઁઝની કલમ ૧૪૪નો દુરુપયોગ છે. વળી ફક્ત અમદાવાદમાં જ આવું જાહેરનામું બહાર પડાયું છે. પુરુષોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજની મહિલાઓ અને રાજપૂત સમાજની ગરિમાને ઠેસ પહોંચાડી છે. શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાથી વાણી સ્વાતંત્રનો હક છિનવાઈ ગયો છે. આ જાહેરનામું પક્ષપાતી અને ગેરકાનૂની છે.

### CM અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે થઈ હતી ધરપકડ

# EDએ ધરપકડ માટે અરવિંદ કેજરીવાલના બિન-સહકારી વલણ, આચરણ'ને જવાબદાર ઠેરવ્યા

## અરવિંદ કેજરીવાલના વર્તનથી એજન્સીને ધરપકડ કરવાનો નિર્ણય લેવામાં મદદ મળી

નવીદિલ્હી, તા.૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ED એ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડ પાછળ કોઈ "અયોગ્ય અથવા બહારના કારણો" નથી. તેમની ધરપકડ સામે AAP વડાની અરજીના જવાબમાં, એજન્સીએ દાવો કર્યો હતો કે કેજરીવાલને "બિન-સહકારી વલણ" કહેવાય છે. ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે દાવો કર્યો હતો કે અરવિંદ કેજરીવાલના વર્તનથી એજન્સીને તેમની ધરપકડ કરવાનો નિર્ણય લેવામાં મદદ મળી હતી."આરોપીએ, તેના વર્તણૂક દ્વારા, અરજદાર મની લોન્ડરિંગના ગુના માટે દોષિત હોવાનો સંતોષ મેળવવા માટે, IOના કબજામાં રહેલી સામગ્રી સિવાય, ધરપકડ કરવાની આવશ્યકતાના અસ્તિત્વ અંગે તપાસ અધિકારીને પોતે યોગદાન આપ્યું છે અને મદદ કરી છે. એજન્સીએ સુપ્રીમ કોર્ટને આપેલા સોગંદનામામાં જણાવ્યું હતું.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જણાવ્યું હતું કે તેમની ધરપકડને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજી "યોગ્યતાથી વંચિત" હતી. તેણે દાવો કર્યો હતો કે એજન્સીના કબજામાં રહેલી સામગ્રીનો વિવિધ અદાલતો દ્વારા પીછો કરવામાં આવ્યો હતો.

પીએમએલએ (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) ની કલમ ૧૭ હેઠળ તેમનું નિવેદન નોંધતી વખતે તેની પૂછપરછ દરમિયાન શોધની તારીખે પણ, તે સરળ બિનના સંદર્ભમાં પણ અસ્પષ્ટ અને તદ્દન બિન-સહકારી બનીને પ્રશ્નોના જવાબ આપવાનું ટાળતો હતો. - ગુનાહિત પ્રશ્નો," ઈઢએ ઉમેર્યું.

ઈડીએ અરવિંદ કેજરીવાલની ધરપકડને યોગ્ય ઠેરવતા જણાવ્યું હતું કે એજન્સીનો અભિપ્રાય હતો કે કસ્ટોડિયલ પૂછપરછથી આરોપીની 'ગુણાત્મક રીતે વધુ બોધ લક્ષી' પૂછપરછ થશે. એજન્સીએ અરવિંદ કેજરીવાલ પર કાયદાની અવગણના અને બિન-સહકારી વલણનો આરોપ મૂક્યો હતો."આવા વલણે એવી પરિસ્થિતિને પણ જન્મ આપ્યો IO સાથે કબજામાં રહેલી સામગ્રી સાથે મુકાબલો શક્ય ન હતો કારણ કે આરોપી સંપૂર્ણપણે બિન-સહકારી હતો અને તેણે મોટી સંખ્યામાં સમન્સનો અનાદર કર્યો હતો," તે જણાવ્યું હતું.તેમની ધરપકડ પહેલા, અરવિંદ કેજરીવાલે નવ સમન્સ છોડી દીધા હતા. દરમિયાન, એફિડેવિટ પર પ્રતિક્રિયા આપતા છઁએ કહ્યું કે ઈઢ જૂઠું બોલવાનું મશીન બની ગયું છે. તે દાવો કરે છે કે એજન્સી "તેમના માસ્ટર્સ, બીજેપી" ના કહેવા પર ઉત્પાદિત જૂઠાણું સાથે આવે છે.અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસ સાથે જોડાયેલ મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. ૯ એપ્રિલના રોજ, દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની ધરપકડને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે ઈઢ પાસે તેમની ધરપકડ કરવા સિવાય થોડો વિકલ્પ હતો કારણ કે તેણે વારંવારના સમન્સને છોડી દીધો હતો.બાદમાં કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી

### ECIએ ભાજપ-કોંગ્રેસ પાસેથી માંગ્યા જવાબ

# પીએમ મોદી અને રાહુલ ગાંધી પર આચારસંહિતા ભંગનો આરોપ લાગ્યો

## પીએમના બાંસવાડાના નિવેદન પર નોટિસ મોકલવામાં આવી છે

નવીદિલ્હી, તા.૨૫

ચૂંટણી પંચે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા 'મોડલ કોડ ઑફ કન્ડક્ટ'ના કથિત ઉલ્લંઘનની નોંધ લીધી છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ એકબીજાના નેતાઓ પર ધર્મ, જાતિ, સમુદાય અને ભાષાના આધારે નફરત અને વિભાજન ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. ચૂંટણી પંચે ભાજપ-કોંગ્રેસને નોટિસ પાઠવીને ૨૯ એપ્રિલે સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ માંગ્યો છે.

ચૂંટણી પંચે લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭ લાગુ કરી અને પક્ષ પ્રમુખોને જવાબદાર ઠેરવ્યા. આ અંતર્ગત, પ્રથમ પગલા તરીકે, વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધી પર આચારસંહિતા ભંગના આરોપોનો અનુક્રમે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પાસેથી જવાબ માંગવામાં આવ્યો છે. આમાં તેમને ૨૯ એપ્રિલ સુધીમાં જવાબ આપવા અને તેમના સ્ટાર પ્રચારકોને આચારસંહિતાનું પાલન કરવા માટે કહેવામાં આવ્યું છે.પંચે કહ્યું છે કે રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો, ખાસ કરીને સ્ટાર પ્રચારકોના આચરણ માટે પ્રાથમિક અને વધતી જવાબદારી લેવી પડશે. ચૂંટણી પંચનું કહેવું છે કે ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોના પ્રચાર ભાષણોના વધુ ગંભીર પરિણામો આવે છે. તેણે કહ્યું છે કે સ્ટાર પ્રચારકોએ પોતે આપેલા ભાષણો માટે જવાબદાર બનવું પડશે. પરંતુ વિવાદાસ્પદ ભાષણોના કિસ્સામાં, ચૂંટણી પંચ દરેક મુદ્દા પર પક્ષના વડાઓ પાસેથી જવાબ માંગશે.

વાસ્તવમાં, કોંગ્રેસ પાર્ટીએ બાંસવાડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન અંગે ફરિયાદ કરી હતી. રાજસ્થાનના બાંસવાડામાં રેલીને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ લોકોની સંપત્તિનો સર્વે કરીને તેને ઘૂસણખોરોમાં વહેંચવા જઈ રહી છે. કોંગ્રેસની ફરિયાદ પર કેન્દ્રીય ચૂંટણી પંચે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને નોટિસ મોકલી છે. રાહુલના ભાષણને લઈને પંચે ભાજપને નોટિસ પણ મોકલી છે.

### બીજેપી ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી ૭૫ બેઠકો પર ચૂંટણી લડી રહી છે

# કૈસરગંજ અને રાયબરેલી બેઠક પર ઉમેદવારના નામ પર સસ્પેન્સ

## એક સીટ રાયબરેલીની છે અને બીજી કૈસરગંજની છે બીજેપીના બ્રિજભૂષણ શરણ સિંહ કૈસરગંજથી સાંસદ છે

ઉત્તર પ્રદેશ, તા.૨૫

ભારતીય જનતા પાર્ટી (BJP) ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી ૭૫ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ રાજ્યમાં તેના ક્વોટાની ૭૫માંથી ૭૩ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે પરંતુ હજુ સુધી બે બેઠકો પર તેના પત્તાં ખોલ્યા નથી. જે બે બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત થવાની બાકી છે તેના માટે મતદાન પાંચમા તબક્કામાં ૨૦ મેના રોજ યોજાશે. એક સીટ રાયબરેલીની છે અને બીજી કૈસરગંજની છે. બીજેપીના બ્રિજભૂષણ શરણ સિંહ કૈસરગંજથી સાંસદ છે. છ વખતના સાંસદ બ્રિજ ભૂષણ આ વખતે કૈસરગંજથી જીતવાનો દાવો કરી રહ્યા છે પરંતુ પાર્ટી તેમને ટિકિટ આપશે કે નહીં તે અંગે સસ્પેન્સ છે. એવી પણ ચર્ચા છે કે બીજેપી બ્રિજ ભૂષણ પ્રત્યે નરમ બનવાના મૂડમાં નથી અને તેમની ટિકિટ રદ કરી શકે છે. આ બધાની વચ્ચે બ્રિજભૂષણનું નિવેદન આવ્યું છે. બ્રિજભૂષણ શરણ સિંહે કહ્યું છે કે, "પાર્ટી નેતૃત્વ જાણે છે કે આ સીટ પર ભાજપ મજબૂત છે. જો ભાજપ એક દિવસ પહેલા ઉમેદવારની જાહેરાત કરે તો પણ પાર્ટી આ સીટ પરથી જીતશે. હું પણ ટિકિટનો દાવેદાર છું. પરંતુ ઉમેદવાર કોણ હશે તેનો અંતિમ નિર્ણય પક્ષ લેશે."બ્રિજ ભૂષણના આ નિવેદનનો રાજકીય અર્થ પણ કાઢવામાં આવી રહ્યો છે. બ્રિજ ભૂષણના આ નિવેદનમાં રાજકીય નિષ્ણાતો નેતૃત્વ પ્રત્યે તેમનું વલણ અને નરમાઈ બંને જોઈ રહ્યા છે. બ્રિજ ભૂષણના નિવેદન કે નેતૃત્વ જાણે છે કે પાર્ટી અહીં મજબૂત છે અને જો એક દિવસ પહેલા પણ ઉમેદવારની જાહેરાત કરવામાં આવે તો પાર્ટી જીતશે, તેને પોતાની તાકાતનો સંદેશ આપવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. જ્યારે બ્રિજ ભૂષણે નેતૃત્વને સંદેશ આપ્યો હતો, ત્યારે તેમણે પોતાના વલણમાં નરમાઈ પણ દર્શાવી હતી. આખરી નિર્ણય પક્ષે લેવાનો છે, પક્ષ જ ઉમેદવાર નક્કી કરશે એમ કહીને તેમણે બોલ નેતૃત્વની કોર્ટમાં નાખ્યો હતો.

છ વખતના સાંસદ બ્રિજ ભૂષણનું આ નિવેદન ભલે નરમ લાગે, પરંતુ તે નરમ નથી. વરિષ્ઠ પત્રકાર ડૉ.શ્રીરામ ત્રિપાઠીએ કહ્યું કે બ્રિજ ભૂષણ એવા નેતાઓમાંથી નથી જે પાર્ટીના દરેક નિર્ણયને સ્વીકારે છે. તેઓ એવા નેતા છે જે જ્યારે નિર્ણય તેમના અનુસાર ન હોય ત્યારે તેમનું વલણ બતાવે છે અને આ વલણ આ નિવેદનમાં પણ દેખાય છે. બ્રિજ ભૂષણે ચોક્કસ કહ્યું છે કે પાર્ટીએ અંતિમ નિર્ણય લેવાનો છે પરંતુ તેમણે કહ્યું નથી કે પાર્ટી જે પણ નિર્ણય લેશે તે તેમને સ્વીકાર્ય હશે. ભાજપના નેતાઓ પણ તેનો અર્થ સમજશે.એવી પણ ચર્ચા છે કે ભાજપે તેમના સ્થાને બ્રિજ ભૂષણની પત્ની અથવા પુત્રને કૈસરગંજ બેઠક પરથી ઉતારવાનો પ્રસ્તાવ મૂક્યો છે, પરંતુ ભૂતપૂર્વ WFI ચીફ તેના માટે તૈયાર નથી. તે પોતાના માટે ટિકિટ માંગી રહ્યો છે. આવી ચર્ચાઓમાં સત્ય છે કે પછી માત્ર ગપસપ એ ચર્ચાનો વિષય બની શકે છે, પરંતુ બ્રિજ ભૂષણની પ્રચારની રણનીતિ એ પણ સંકેત માનવામાં આવે છે કે તેઓ પાછળ હટવાના મૂડમાં નથી. બ્રિજ ભૂષણની ગણતરી પૂર્વાંચલના મજબૂત રાજપૂત નેતાઓમાં થાય છે જેમની પોતાની વંશીય મત બેંક પર મજબૂત પકડ છે. યુપીના રાજકારણમાં આ દિવસોમાં ભાજપથી રાજપૂત મતદારોની નારાજગીની ચર્ચા છે. આવી સ્થિતિમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે બ્રિજ ભૂષણ જેવા શક્તિશાળી રાજપૂત નેતાને સાઈડલાઈન કરવું ભાજપ માટે આસાન નહીં હોય.તેમનો ચૂંટણી રેકોર્ડ પણ બ્રિજ ભૂષણની તરફેણમાં જઈ શકે છે. બ્રિજ ભૂષણે ૨૦૦૯માં પહેલીવાર કૈસરગંજ બેઠક પરથી ચૂંટણી લડી હતી, જે એક સમયે સપાનો ગઢ ગણાતી હતી, સાઈકલના સિમ્બોલ પર તેઓ જીત્યા હતા. બ્રિજ ભૂષણ ૨૦૧૪ની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. ૨૦૦૯ થી ૨૦૧૯ સુધી, દરેક ચૂંટણીમાં ત્રણ ટર્મ સાંસદ બ્રિજ ભૂષણની જીતનું અંતર વધ્યું છે. ૨૦૦૯માં સપાની ટિકિટ પર ચૂંટણી લડનારા બ્રિજ ભૂષણને ૫ લાખ ૬૫ હજાર ૬૭૩ વોટ મળ્યા હતા. બ્રિજ ભૂષણે બસપાના સુરેન્દ્ર નાથ અવસ્થી ઉર્ફે પુટ્ટુ ભૈયાને ૭૨ હજાર ૧૯૯ મતોથી હરાવ્યા હતા. આ પછી બ્રિજ ભૂષણને મળતા વોટ વધતા ગયા પરંતુ દરેક ચૂંટણીમાં તેમની જીતનું માર્જિન વધતું જ રહ્યું.

વર્ષ ૨૦૧૪માં બ્રિજ ભૂષણ ભાજપની ટિકિટ પર કૈસરગંજથી ચૂંટણી લડ્યા હતા. બ્રિજ ભૂષણને ૩ લાખ ૮૧ હજાર ૫૦૦ મત મળ્યા હતા પરંતુ તેમની જીતનું માર્જિન ૭૮ હજારથી વધુ હતું. બ્રિજ ભૂષણના નજીકના હરીફ સપાના વિનોદ કુમાર સિંહ ઉર્ફે પંડિતને ૩ લાખ ૩ હજાર ૨૮૨ વોટ મળ્યા હતા. ૨૦૧૯માં બ્રિજ ભૂષણને ૫ લાખ ૮૧ હજાર ૩૫૮ વોટ મળ્યા અને તેમના નજીકના હરીફ SP-BSP ગઠબંધનના ઉમેદવાર ચંદ્રદેવ રામ યાદવને ૩ લાખ ૧૯ હજાર ૭૫૭ વોટ મળ્યા. બ્રિજ ભૂષણે ૨૦૧૯ની ચૂંટણીમાં ૨ લાખ ૬૧ હજાર ૬૦૧ મતોના જંગી અંતરથી જીત મેળવી હતી.

બ્રિજ ભૂષણની ટિકિટ પરના સસ્પેન્સ પાછળનું કારણ દરેક ચૂંટણીમાં જીતનું વધતું માર્જિન છે, એક કારણ કૈસરગંજ સીટની બહાર તેમનો પ્રભાવ પણ છે. બ્રિજભૂષણ કૈસરગંજની ગોંડા અને બલરામપુર લોકસભા સીટ પરથી સાંસદ પણ રહી ચૂક્યા છે. અયોધ્યા, ગોંડા અને શ્રાવસ્તીમાં પણ તેમનો સારો પ્રભાવ છે. બ્રિજ ભૂષણની પૂર્વાંચલના રાજપૂત મતદારો પર પણ સારી પકડ હોવાનું માનવામાં આવે છે. કૈસરગંજ લોકસભા બેઠક હેઠળ પાંચ વિધાનસભા બેઠકો છે, જેમાંથી ત્રણ ગોંડા અને બે બહરાઈચ જિલ્લાની છે. ગોંડા જિલ્લાનો ભાગ જે આ લોકસભા મતવિસ્તારમાં આવે છે તે બ્રાહ્મણોનું વર્ચસ્વ છે. તે જ સમયે, બહરાઈચ વિસ્તારમાં રાજપૂત મતદારોની બહુમતી છે. બ્રાહ્મણોને ભાજપના મુખ્ય મતદારો માનવામાં આવે છે જ્યારે રાજપૂત મતદારોને બ્રિજભૂષણના મુખ્ય મતદારો માનવામાં આવે છે. ઓબીસી મતદારોમાં પણ બ્રિજ ભૂષણનો પોતાનો આધાર છે.

### જેપી મોર્ગન સીઈઓએ વડાપ્રધાનની પ્રશંસા કરી

# વડાપ્રધાન મોદીએ ભારતમાં અવિશ્વસનીય વસ્તુઓ કરી છે

## મોદીએ ભારતમાં સુધારાને આગળ ધપાવીને અને ૪૦૦ મિલિયન લોકોને સમાવિષ્ટ નાણાકીય કાર્યક્રમો દ્વારા ગરીબીમાંથી બહાર કાઢીને "અતુલ્ય કામ" કર્યું છે

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વ પ્રસિદ્ધ અને વિશ્વની સૌથી મોટી નાણાકીય સંસ્થાઓમાંની એક જેપી મોર્ગન ચેઝના સીઈઓ જેમી ડિમોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે. ડિમોને કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં સુધારાને આગળ ધપાવીને અને ૪૦૦ મિલિયન લોકોને સમાવિષ્ટ નાણાકીય કાર્યક્રમો દ્વારા ગરીબીમાંથી બહાર કાઢીને "અતુલ્ય કામ" કર્યું છે.ઈકોનોમિક ક્લબ ઓફ ન્યૂયોર્ક દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ડિમોને પીએમ મોદીની પ્રશંસા કરી અને કહ્યું કે તેમણે ભારતમાં અવિશ્વસનીય કામ કર્યું છે. તેણે કહ્યું, 'તેમની પાસે અદ્ભુત શિક્ષણ પ્રણાલી છે, અદ્ભુત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, તે આખા દેશને ઉપર તરફ લઈ જઈ રહ્યો છે, તે એટલા માટે થઈ રહ્યું છે કારણ કે આ એક માણસ તેટલો અઘરો છે... મને લાગે છે કે પરિવર્તન લાવવા માટે તમારે સખત બનવું પડશે. તમે જાણો છો કે તે નોકરશાહીના કેટલાક ભાગોમાં પરિવર્તન લાવી રહ્યા છે.તેમણે તાજેતરના સમયમાં મોદી દ્વારા કરવામાં આવેલા સુધારાની પણ પ્રશંસા કરી હતી.

ડિમોને કહ્યું, "તેઓએ આ અદ્ભુત વલણ શરૂ કર્યું કે દરેક નાગરિકને હાથ અથવા આંખની કીકી અથવા આંગળી દ્વારા ઓળખવામાં આવે છે. તેઓએ ૭૦૦ મિલિયન (૭૦ કરોડ) લોકો માટે બેંક ખાતા ખોલ્યા. તેમના પૈસા સીધા બેંક ખાતામાં ગયા." ટ્રાન્સફર થઈ રહ્યા છે. સ્થળ." જૂની નોકરિયાત વ્યવસ્થામાં ફેરફાર લાવવામાં મોદીને કડક ગણાવતા તેમણે કહ્યું કે, 'અમને અહીં (અમેરિકામાં) પણ આવી કડકતાની જરૂર છે.'ડિમોને, ૬૮, દેશની પરોક્ષ કર પ્રણાલીની પણ પ્રશંસા કરી,

જેણે કહ્યું કે વિવિધ રાજ્યો દ્વારા અનુસરવામાં આવતી કર પ્રણાલીઓમાં અસમાનતાઓથી ઉદ્ભવતા ભ્રષ્ટાચારને દૂર કર્યો છે.તેણે કહ્યું, "...મને લાગે છે કે તમારે અમલદારશાહીને તોડવા માટે સખત બનવું પડશે, અને તે તે જ કરી રહ્યો છે... પરંતુ તે બધાની પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ હતી, તે લગભગ યુરોપ જેવું છે, ત્યાં એક અલગ ટેક્સ સિસ્ટમ છે જે મોટા ભ્રષ્ટાચાર તરફ દોરી જાય છે.

### લોકોને ઈન્કમટેક્સ તરફથી રાહત આપવામાં આવી

# ૩૧ મે સુધી PAN કાર્ડ લિંક કરાવા પર TDSમાં રાહત મળશે

નવીદિલ્હી, તા.૨૫

PAN કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક નહીં કરાવનારા લોકોને ઈન્કમ ટેક્સ તરફથી રાહત આપવામાં આવી છે. ૩૧ મે સુધી PAN કાર્ડ લિંક કરાવા પર TDSમાં રાહત મળશે.ઈન્કમ ટેક્સ અને CBDT એટલે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ વિભાગે એક રાહત જાહેર કરીને ૩૧ મે ૨૦૨૪ સુધી પોતાનું પાન કાર્ડ આધાર કાર્ડ સાથે લિંક કરવાનો સમય આપ્યો છે. જો તમે ૩૧ મે સુધી PAN કાર્ડને તમારા આધાર સાથે લિંક કરાવી દો છો તો TDSના કપાત પર કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે. ઈન્કમ ટેક્સનો નિયમ છે કે, જો PAN કાર્ડને આધારથી નથી લિંક કરતા તો TDS બમણો કાપવામાં આવશે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ વિભાગે એક પરિપત્રમાં જણાવ્યુ કે, ટેક્સ પેયર્સ પાસેથી અનેક ફરિયાદો મળી છે જેમાં તેમને નોટિસો મળી હતી. નોટિસમાં કહેવાયુ છે કે, જ્યાં PAN કાર્ડ ડિએક્ટિવ હતા તેવી લેવડ-દેવડ વખતે TDS/TCSનું ઓછુ ડિડક્શન, કલેક્શનની ચૂક થઈ છે. કપાત અને કલેક્શન હાઈએસ્ટ દરના નથી કરવામાં આવ્યા જેથી વિભાગે TDS/TCSના ડિટેઈલ્સની પ્રોસેસિંગ વખતે ટેક્સની માગ કરી છે આ સંબંધે આવેલી ફરિયાદોના સમાધાન માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ વિભાગે રાહત આપતા જણાવ્યુ કે, ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી કરવામાં આવેલી લેવડ-દેવડના સંબંધમાં જો ૩૧ મે ૨૦૨૪ સુધી PAN કાર્ડ આધાર સાથે લિંક કરી એક્ટિવ થઈ જાય છે તા TDSની કપાત પર કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે. ઉલ્લેખનીય છે કે, લોકસભામાં સરકારે લેખિતમાં જવાબ આપ્યો હતો કે, જુલાઈ ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી PAN કાર્ડને આધાર સાથે નહીં જોડવાની બાબતે ૬૦૧.૯૭ કરોડ રુપિયા દંડ વસુલવામાં આવ્યો છે. ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ૧૧.૪૮ કરોડ PAN કાર્ડ આધાર સાથે લિંક નથી થયા.


**સંકુલ KG થી ધો. ૧૨ - ગુજરાતી મિડીયમ ફી 24-25**

| ધોરણ | છમાસિક-ફી | ધોરણ | છમાસિક-ફી |
|---|---|---|---|
| નર્સરી KG 1-2 | ૧૬૦૦ | ધો. ૧૧-૧૨ કોમર્સ | ૪૬૦૦ |
| ધો. ૧ થી ૫ | ૨૬૦૦ | ધો. ૧૧-૧૨ સાયંસ | ૧૨૯૦૦ |
| ધો. ૬ થી ૮ | ૩૧૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| ધો. ૯-૧૦ | ૩૭૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| ધો. ૧૧-૧૨ આર્ટસ | ૪૨૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad 009

# સાવરકુંડલા ખાતે તાત્કાલિક હનુમાન આશ્રમ ખાતે પાણીનાં કુંડા અને ચકલી ઘરનું વિતરણ



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા ગાયત્રી મંદિર પાસે આવેલ તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે ભગવાન રામના પરમ ભક્ત અને શક્તિના પ્રતીક શ્રી હનુમાનજી મહારાજનો પ્રાગટય મહોત્સવ તાત્કાલિક હનુમાનજી આશ્રમ સાવરકુંડલા દ્વારા ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો આ ધાર્મિક પ્રસંગે ધાર્મિક, સામાજિક અને સેવાના કાર્યોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારો શ્રદ્ધાળુઓએની ઉપસ્થિતિમાં આયુર્વેદિક સર્વરોગ નિદાન અને સારવાર તેમજ આયુર્વેદ દવા વિતરણ કેમ્પ સાવરકુંડલા તાલુકા પંચાયત કચેરી અને નગરપાલિકા કચેરી તેમજ વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સાવરકુંડલા તાલુકામાંથી ઉપસ્થિત ૨૫૦૦ જેટલા ભાઈઓ, બહેનો મતદારોને તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી કે.પી પરમાર અને નગરપાલિકાના ચીફ ઓફિસર હસમુખભાઈ બોરડ, નગરપાલિકા એન્જિનિયર હરેશગીરી ગોસાઈ દ્વારા અવશ્ય મતદાન માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા અને લોકોએ ઉત્સાહ પૂર્વક મતદાન માટે શપથ લીધા હતા. તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે હનુમાન જયંતી પ્રસંગે પક્ષીઓની સેવા માટે ઉનાળાની કાળજાળ ગરમીના દિવસોમાં પક્ષીઓને રાહત આપવા માટે આશ્રમ દ્વારા ૬૫૩ માટીના કુંડા અને ૫૫૭ પક્ષીઓના માળા ચકલી ઘરનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું ઉપરાંત એક વિશાળ આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ મેડિકલ કેમ્પમાં ૩૧૯ દર્દી નારાયણની તમામ પ્રકારના રોગોનું નિદાન વિનામૂલ્યે સારવાર અને દર્દીઓને જરૂરી આયુર્વેદિક દવાઓનું વિનામૂલ્ય આપવામાં આવી હતી વધારેમાં વધારે મતદાન કરવાનો અને ખોટી રીતે લોભલાલચ વગર મતદાન કરવાનો શપથ લીધો હતો તેમજ સંધ્યા કાળે હનુમાનજી મહારાજની ભવ્ય આરતી કરવામાં આવી ત્યારબાદ હજારો ભાવિકો સાથે મળીને એક સાથે બેસીને મહાપ્રસાદ લીધો હતો તેમજ તાત્કાલિક હનુમાનજી મહારાજની ભક્તિ આરાધના કરવામાં આવી હતી આશ્રમના મહંત હનુમાનદાસ બાપુ મહોત્સવમાં તમામ કાર્યો માં ભાગ લેનાર તમામ સ્વયંસેવકો નો આભાર માન્યો અને જણાવ્યું કે આવા આયોજન દ્વારા સમાજમાં એકતા અને સેવાભાવના માટે વિશાળ કાર્યમાં મદદ મળી હતી.

## કોટડાપીઠા : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાય



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

અમરેલી, તા. ૨૫

પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા દ્વવારા મુખ્ય જીલ્લા અધીકારી તેમજ જીલ્લા મેલેરીયા અધીકારની સુચના અને તાલુકા હેલ્થ ઓફીસરના માર્ગદર્શન મુજબ કલોરાણા ગામે ૨૫–એપ્રીલ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી. આ વર્ષ ની થીમ ‘‘સૌનો લઈને સાથ, મચ્છરોનો કરીએ વિનાશ’’છે મેલેશીયા રોગ અટકાવવા માટે ગુરુશીબીર, પત્રીકા વિતરણ અને રેલી સ્વરુપે વન જાગૃતી અભીયાનનું પણ આયોજન કરવામાં આવેલુ. મેલેરીયા રોગ અટકાવવા માટે પાણીના વાસણો ઢાકીને રાખવા અને દર ત્રીજા દિવસે વિછળી અને તપાવી ને પછી પાણી ભરવુ. જુના ટાયર ભંગાર વગેરેનો નાસ કરવો, સુવામાં મચ્છર દાનીનો ઉપયોગ કરવો, સાંજના સમયે બારી બારણા બંધ રાખવા અને લીમડાનો ધુમાડો કરવો, તાવ આવે એટલે તુરત જ લોહીની તપાસ કરાવી પછી જ દવા લેવી વગેરે માહીતી સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર દ્વારા આપવામા આવી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.આ કેન્દ્ર કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવવામા આવી હતી તેમ પ્રા.આ. કેન્દ્ર– કોટડાપીઠાના મેડીકલ આફીસરની યાદી જણાવે છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૭૭ |
| ૨ | ચણા | ૧૧૭૧ | ૧૧૮૪ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | એરંડા | ૧૦૦૦ | ૧૦૪૨ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૪૧૦૦ |
| ૬ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૭ | ધાણા | ૧૩૦૩ | ૧૩૦૩ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૨ | ૧૨૦૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૬ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૧૨ | ૧૫૬૨ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૧૮ |
| ૫ | તલ કાળા | ૧૭૦૦ | ૩૧૨૫ |
| ૬ | તલ કાશ્મરી | ૨૭૦૦ | ૩૦૦૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૬૫ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૮૧૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૪૪ | ૬૬૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૦ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૫૬૨ |
| ૧૨ | ચણા | ૯૩૨ | ૧૨૨૧ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૦૦ | ૧૪૦૪ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૨૧૭૦ |
| ૧૫ | કપાસ | ૯૬૫ | ૧૫૨૪ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૭ | જીરૂ | ૨૮૪૦ | ૪૩૫૫ |
| ૧૮ | રાયડો | ૮૦૦ | ૯૩૧ |
| ૧૯ | રાય | ૯૦૦ | ૧૦૪૦ |
| ૨૦ | ગમ ગુવાર | ૮૯૦ | ૯૨૫ |
| ૨૧ | ધાણા | ૧૧૩૦ | ૧૭૭૦ |
| ૨૨ | ધાણી | ૧૨૩૫ | ૨૦૦૦ |
| ૨૩ | અજમા | ૨૩૭૦ | ૨૪૨૦ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૯૭૦ |
| ૨૫ | સોયાબીન | ૭૪૦ | ૮૬૯ |
| ૨૬ | મરચા લાંબા | ૬૩૦ | ૩૫૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું **ઈન્ડિયા ગઠબંધન સરકાર બને એટલે**

વિકાસ નિગમની સ્થાપના થાય તેવી અમારી માંગણી છે.

આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યુ કે, બહેનો પણ ઘરે બેઠા મદદરૂપ થઈ શકે તે માટે ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવુ જોઈએ. રત્ન કલાકારો હાલ હિરા ઉદ્યોગની મંદિના કારણે કફોડી હાલતમાં છે ત્યારે રત્ન કલાકાર નિગમ બનાવી અને તેમને મદદરૂપ થવાની સરકાર કાર્યવાહી કરે તેવી અમારી માંગણી છે. આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશેતો રાહુલ ગાંધી ની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે, ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો માટે જણસીના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે : મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે, જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવાવાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે, જલ–જંગલ–જમીનનો કાનૂની હક વન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે, આદિવાસી બહુમતિવાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે.

આ તકે જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, સુરેશભાઈ કોટડીયા, પ્રદીપભાઈ કોટડીયા, મનીષભાઈ ભંડેરી, રવિભાઈ, હિરેનભાઈ ધારી તાલુકા પંચાયત, જગદીશભાઈ તળાવિયા, જગદીશભાઈ પાનસેરીયા, અશોકભાઈ ચાવડા, ચંપૂભાઈ, વિશાલભાઈ માલવયા, ચલાળા શહેર, પ્રતાપભાઈ વાળા, ગભરૂભાઈ વાળા, કાળુભાઈ શેઠ, ધીરૂભાઈ મકવાણા તથા ભાડેર ગામનાં રમણીકભાઈ બાળધા, કાંતિભાઈ સતાસીયા, સુરેશભાઈ કોટડીયા, કે.કે.–ધારી, દિલીપભાઈ સતાસીયા, લાલજીભાઈ મકવાણા, હરેશભાઈ ગઢીયા, સવજીભાઈ પરમાર, રામભાઈ ગઢીયા, બાબુભાઈ ગઢીયા, વિનુભાઈ ગઢીયા વગેરે કોંગ્રેસના આગેવાનો તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૨૩ | ૧૧૧૨ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૫૦૯ |
| ૩ | ચણા | ૧૧૪૦ | ૧૧૯૫ |
| ૪ | ધાણા | ૧૩૦૬ | ૧૩૭૦ |
| ૫ | અડદ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૬ | એરંડા | ૧૦૭૮ | ૧૦૭૮ |
| ૭ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૮ | તલ | ૨૦૦૦ | ૨૫૨૫ |
| ૯ | તુવેર | ૧૭૧૭ | ૧૯૮૦ |
| ૧૦ | ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | મેથી | ૧૦૧૧ | ૧૦૧૧ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૩૦ |
| ૨ | શીંગ મોટી | ૮૪૪ | ૧૨૭૧ |
| ૩ | તલ સફેદ | ૨૪૮૦ | ૨૭૫૧ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૨૮૧૧ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૧૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૧ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૪૭૦ | ૮૮૧ |
| ૧૧ | ચણા | ૧૧૨૫ | ૧૨૨૬ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૧૩ | તુવેર | ૧૬૭૫ | ૨૧૨૨ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૦૯૦ |
| ૧૫ | મેથી | ૯૦૦ | – |
| ૧૬ | ધાણા | ૧૧૫૧ | ૧૭૫૧ |
| ૧૭ | વરીયાળી | ૧૭૧૮ | – |
| ૧૮ | અજમા | ૨૬૦૦ | – |

પાના ૧ ઉપરનું ચાલું **ભાજપનાં ઉમેદવારને વધાવતા મતદારો**

આપણા લોકસભાના ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને જંગી લીડ સાથે આપણે દિલ્હી ખાતે કમળરૂપી મોકલવાના છે જેથી ફરી એકવાર આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર બને તે માટે જે વધુ મતદાન કરીએ. દરેક સભામાં ગામનાં લોકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો અને લોકોએ પણ કહ્યું હતું કે તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ નારા લગાવ્યા હતા.

આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક તેમજ અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, તાલુકા ભાજપ મહામંત્રી કાળુભાઈ વાળા, બગસરા તાલુકા પ્રમુખ પ્રદીપ ભાખર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા પંચાયતના ચેરમેન પ્રવિણભાઈ માંગરોળીયા, જિલ્લા પંચાયતના સદસ્ય ધીરૂભાઈ માયાણી, તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, જે.બી. દેસાઈ, નિકુલભાઈ માંડણકા, દેવેન્દ્રભાઈ ધાધલ, મનસુખભાઈ ગાંગડીયા, ભરતભાઈ વઘાસીયા, પ્રવિણભાઈ ચાવડા, દિલીપભાઈ સાવલિયા, બાબરા ભાજપ યુવા મોરચાના પ્રમુખ લલિત વેકરીયા, સંજયભાઈ રામાણી, ચેતનભાઈ ધાનાણી, કાળુભાઈ પાનસુરીયા, ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૧૪૫ | ૧૧૬૫ |
| ૩ | ઘઉં | ૪૪૨ | ૫૮૮ |
| ૪ | ચણા | ૧૧૬૫ | ૧૨૧૫ |
| ૫ | જીરૂ | ૩૮૨૫ | ૪૨૭૫ |
| ૬ | ધાણા | ૧૪૭૦ | ૧૫૫૦ |
| ૭ | મેથી | ૯૧૦ | ૯૮૦ |
| ૮ | તુવેર | ૧૪૭૦ | ૧૮૦૦ |
| ૯ | એરંડા | ૯૯૫ | ૧૦૫૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૩૫ | ૧૧૮૨ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૧ | ૨૬૭૬ |
| ૩ | તલ કાળા | ૧૮૦૧ | ૨૮૧૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૫૨૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૨૬ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૭૮૫ |
| ૮ | તુવેર | ૧૮૫૦ | ૧૮૬૫ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | જીરૂ | ૪૫૦૧ | ૪૫૦૧ |
| ૧૧ | વરીયાળી | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ૧૨ | અજમા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૪૪ | ૮૪૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૨૦ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૧૯૫ |
| ૩ | ધાણી | ૧૩૦૦ | ૧૩૮૧ |
| ૪ | ધાણા | ૯૪૦ | ૧૩૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૭૦ | ૫૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૪૯૫ |
| ૭ | મગફળી | ૮૦૦ | ૮૨૫ |
| ૮ | સીંગફાડા | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૦ | મેથી | ૯૨૯ | ૧૦૩૧ |
| ૧૧ | લસણ | ૧૫૯૫ | ૨૦૨૫ |
| ૧૨ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૧૩ | મકાઈ | ૪૫૦ | ૫૪૦ |
| ૧૪ | તુવેર | ૧૫૫૦ | ૧૭૦૧ |
| ૧૫ | જુવાર | ૪૫૦ | ૪૯૧ |
| ૧૬ | સોયાબીન | ૬૦૦ | ૮૨૦ |
| ૧૭ | રાયડો | ૮૦૦ | ૮૩૨ |
| ૧૮ | રાઈ | ૯૫૦ | ૧૦૦૧ |
| ૧૯ | અડદ | ૯૫૦ | ૧૦૦૦ |
| ૨૦ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૫૦ |

## મોટા ઉજળામાં ગ્રામજનોને અને શાળામાં આરોગ્ય દ્વારા માર્ગદર્શન અપાયું



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ



કુંકાવાવ, તા. ૨૫

કુંકાવાવ તાલુકાના અનિડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાં આયુષ્યમાન આરોગ્ય મંદિર –મોટા ઉજળા દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ અનુસંધાને ઉજવણી અંતર્ગત આરોગ્ય તંત્ર દ્વારા ગામના લોકોને માર્ગદર્શન પૂઢં પાડવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં ૨૫–૪ નાં રોજ વિશ્વ મેલેરિયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે અનુસંધાને આયુષ્માન આરોગ્ય મંદિર–મોટા ઉજળા દ્વારા વાહક જન્ય રોગ નિયંત્રણ તેમજ પોરા નાશક કામગીરી તેમજ શાળા નાં બાળકો ને મચ્છર થી થતા રોગ અને મચ્છર ઉત્પત્તિ થવાના પત્રો તેમજ બચવના ઉપાયો બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કામગીરીમાં આરોગ્ય કર્મચારી તરીકે તાલુકા હેલ્થ સુપરવાઈઝર મગનભાઈ ભુવા તેમજ અનિડા સુપરવાઈઝર નરેશભાઈ વામજા તેમજ મેડિકલ ઓફિસર ઉજળા આરોગ્ય સ્ટાફ દીપકભાઈ બસીયા, દિપીકાબેન પરમાર, પૂર્વીશાબેન કુનડિયા દ્વારા આરોગ્ય સમજુતી આપવામાં આવેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં વેપારીઓએ**

વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરૂ છે.

આ કડીના ભાગરૂપે જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા વિકાસ અધિકારી અને ટીપ તેમજ ખર્ચ નોડલ પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને વેપારી સંગઠનો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વેપારીઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી મતદાન કરી ખરીદી કરવા માટે આવનારા ગ્રાહકોને યથા યોગ્ય વળતર આપવાના ચૂંટણી પંચના અનુરોધને અમરેલી જિલ્લાના વેપારી સંગઠનોએ વધાવ્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ ઉપસ્થિત અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સ, રેડીમેઈડ ગાર્મેન્ટ એસોસિએશન, વેપારી મહામંડળ, મોલ–સુપર માર્કેટના પ્રતિનિધીઓ, પેટ્રોલ પમ્પના વિક્રેતાઓ, સંચાલકો, અમરેલી જિલ્લા આઈ.ટી. એસોસિએશન, મેડીકલ સ્ટોર્સ સંચાલક એસોસિએશન, ફૂટવેર એસોસિએશન, હોટલના સંચાલકો, ઈન્દિરા શોપીંગ સેન્ટર, એસોસિએશન એગ્રો પ્રોડક્ટ અને ડેરી પ્રોડક્ટના વેપારીઓ, કાપડ, કરિયાણાના વિક્રેતાઓ વગેરે વેપારી સંગઠનો અને એસોસિએશન, મંડળોના પ્રમુખઓ તેમજ સંગઠનના હોદ્દેદારોને જણાવ્યુ કે, અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી વધારવા માટે છેલ્લા કેટલાક સમયથી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે વેપારીઓને મતદાન કરી આવનારા ગ્રાહકોને ૭% જેટલુ અથવા પોતાની યથાશક્તિ મુજબ વળતર આપવા માટે અનુરોધ છે.

વેપારી સંગઠનો પૈકી કેટલાક સંગઠનો અગાઉથી જ આ પહેલના ભાગરૂપે તેમની સંમતિ સાથેની વિગતો પૂરી પાડી હતી. જયારે કેટલાક સંગઠનો આગામી દિવસોમાં વેપારીઓ સાથે સંમતિ સાધી અને પોતાના સંગઠન હેઠળના વેપારીઓ કેટલુ ડિસ્કાઉન્ટ આપશે તેની વિગતો પૂરી પાડશે. બેઠકમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી મહેશ નાકીયાએ વેપારી સંગઠનોને તેમના કર્મચારીઓને મતદાન માટે સવેતન રજા અથવા મતદાન માટેના સમયની અનુકૂળતા કરી આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં ઉપસ્થિત સૌ સંગઠનને એકજ સૂરમાં જણાવ્યું હતું કે, આગામી તા.૭ મે, ૨૦૨૪ના રોજ ’પહેલાં મતદાન પછી ખોલીએ દુકાન’ બેઠકના પ્રારંભે નાયબ જિલ્લા વિકાસ અધિકારી દીપાબેન કોટકે બેઠકનો વિષય તેમજ ટર્ન આઉટ ઈમ્પલિટેશન પ્લાન (ટીપ) વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે સૌએ આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન કરવાના શપથ લીધા હતા તેમજ પોતાના અને પોતાના પરિવાર તેમજ આસપાસના લોકોને મતદાન કરવા માટે પ્રેરણા આપવાની બાંહેધરી આપી હતી. આ બેઠકમાં વિવિધ સંગઠનોના પ્રમુખશ્રી, ઉપપ્રમુખ, ખજાનચી, સદસ્યો, જિલ્લા વહીવટી–ચૂંટણી તંત્રના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુંમરનું ઉષ્માભર્યુ સ્વાગત



અમરેલીલોકસભાબેઠકનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેની ઠુંમરે ખાંભાનાંમોટાબારમણ,ડેડાણ,સરાકડીયા, જામકા, સહિતનાંગ્રામ્યવિસ્તારમાંચુંટણી લક્ષી પ્રચાર કાર્ય કરતાં ગામે – ગામ તેમનું ઉષ્માભર્યુસ્વાગતકરવામાંઆવ્યુંહતું. આ તકે જેની ઠુંમરે ભાજપનાં રાજમાં વિકરાળ બનેલ બેરોજગારી, કારમી મોંઘવારી, શિક્ષણ, આરોગ્યની કથળતી સેવાઓ, ખેડૂતોના પ્રશ્નો, મહિલાઓની પિડા અંગે ગ્રામ્યમતદારોનેજાણકારીઆપીનેદેશનાં વિકાસમાટેકોંગ્રેસપક્ષતરફીમતદાનકરવા આહ્‌વાન કરેલ છે. આ તકે જિલ્લા કોંગી પ્રમુખપ્રતાપદુધાત,ટીકુભાઈવરૂસહિતનાં આગેવાનોએ પણ ભાજપને જાકારો આપવાહાંકલકરીહતી.

### આગામી ૮ મી ને બુધવારનાં રોજ

## ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૬માં નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

### જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ થયો

ચલાલા, તા. ૨૫

ચલાલા વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૦૮-૦૫-૨૪, બુધવારના રોજ ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ,સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.


પરીમલભાઈ મીનાબેન અતુલભાઈ શ્રુતિ એન્ડ સોહમ તન્ના પરિમલભાઈના ૬૦માં જન્મદિવસની ઉજવણી નિમિતે યુ.કે ના આર્થિક સહયોગથી યોજાનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી. દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિના મૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરીબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે બી.પી.ઈ.એસ. (સ્પોર્ટસ), આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે, કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિના મૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ. રતિદાદાની યાદીમાં જણાવાયું છે.

## કરજાળા ગામની પ્રાથમિક શાળા સી.સી.ટી.વીથી સજ્જ



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામ ખાતે આવેલ કરજાળા પ્રાથમિક શાળાની સુરક્ષા હેતુ સહ આઠ એચ.ડી.કેમેરા સેટનું અનુદાન આપવામાં આવ્યુંસાવરકુંડલાતાલુકાની સરકારી પ્રાથમિક શાળા કરજાળા પ્રાથમિક શાળામાં કનુભાઈ કુકાભાઈ વાડદોરિયા, સ્વ.લાભુભાઈ કુકાભાઈ વાડદોરીયાના પરિવારદ્વારા પરમ પૂજય સદ્‌ગુઢ ભોળાનંદ સરસ્વતીજી મહારાજનાઆશીર્વાદથીપ્રાથમિકશાળ ાની સુરક્ષા હેતુ સહ આઠ જેટલા એચડી કિંમતી સી.સી.ટીવી કેમેરા અને તેના સંપૂર્ણ સેટનું ફીટીંગ કરાવી આપવામાં આવેલ છે.

વાડદોરિયા પરિવાર દ્વારા સત્સંગ કાર્યક્રમ તેમજ રામનવમી ઉજવણીઉત્સવઅનેશેલકાંઠાહનુમાનજી મહારાજની જન્મ જયંતી ઉત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમના આયોજનનાપ્રસંગેઆ પરિવારદ્વારાપ્રાથમિકશાળાનાકેમ્પસની મુલાકાત લઈને સી.સી.ટી.વી કેમેરાફીટ કરાવીઆપેલછેજેબદલશાળાપરિવાર વાદડોરિયા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓની સુરક્ષા અને દેખરેખ માટે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બંને તે માટે શાળામાં કેમેરા લગાડવામાં આવ્યાછે.

## અમરેલી ખાતે આગામી ૧૦ મે નાં રોજ ભગવાન શ્રી પરશુરામ જયંતીની આસ્થાભેર ઉજવણી કરાશે

અમરેલી,તા.૨૫

આગામી તા.૧/૫/૨૦૨૪ શુક્રવારના રોજ હિન્દુ સનાતન ધર્મ પરંપરામાં છઠા અવતાર એવા ભગવાન પરશુરામજીના અવતરણના દિવસ છે. તેથી આ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજની બેઠક જિલ્લા પ્રમુખ મુકુંદભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને ગત તા.૨૦/૦૪/૨૦૨૪ ના શનિવારે રાત્રે ૯ કલાકે શ્રી પરશુરામ ધામ મંદિર અમરેલી ખાતે મળેલ હતી આ બેઠકમાં જિલ્લા/શહેર સમસ્ત બ્રહ્મ સમાજના વરિષ્ઠ પાંખ, યુવા પાંખ અને મહિલા પાંખના પદાધિકારીઓ, બ્રહ્મ અગ્રણીઓ, કાર્યકર ભાઈ – બહેનો અનેસ્વયંસેવકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં એક અવાજે અવતરણ દિવસ ઉત્સવ ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવા શહેરમાં શુંશોભિત કરવા, બેનરો લગાવવા, શોભા યાત્રા ભવ્ય રીતે કાઢવા તથા સમગ્ર હિન્દુ સમાજના દરેક સંગઠનો, તમામ સમાજને આ ઉત્સવમાં જોડાવવા નિમંત્રણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને સમસ્ત બ્રહ્મ સમાજની યુવા પાંખ, મહિલા પાંખ, શહેર ના પદાધિકારીઓને તથા સ્વયં સેવકોને,કાર્યકરોને આ માટે વિશેષ જવાબદારીઓ સોપાવામાં આવી હતી તા.૧૦/૦૫/૨૦૨૪ને શુક્રવારે બપોરે ૪/૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરે થી ઉત્સવની શોભાયાત્રા પ્રસ્થાન કરી. શ્રી મહાત્મા મૂળદાસ ચોક, ડો.જીવરાજ મહેતા ચોક, સ્ટેશન ચોક, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, એસ ટી બસ સ્ટેશન થઈ પરશુરામ ધામ મંદિર ખાતે વિરામ લેશે તથાભગવાન શ્રી પરશુરામજીની મહા આરતી તથા છપનભોગ દર્શન સાંજે ૭:૩૦ કલાકે થશે અને ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે આ બેઠકમાં અમરેલી શહેરમાં વસતા ભૂદેવ પરિવારોને હાકલ કરવામાં આવેલ છે કે આપણા ઈષ્ટ અને આરાધ્ય ભગવાન શ્રી પરશુરામજીના ઉત્સવની ઉજવણી મા દરેક પરિવાર અબાલ વૃદ્ધ સૌ ઉત્સાહ પૂર્વક સામેલ થાય અને સનાતન હિન્દુ ધર્મના દરેક ધર્મનુરાગી શ્રીઓ સર્વે આ ઉત્સવમાં જોડાય તેવી આગ્રહ ભરી અપીલ કરવામાં આવી છે તેમ જિલ્લા બ્રહ્મ સમાજ ના મહા મંત્રી ભગીરથ ત્રિવેદી ની યાદી જણાવે છે .પ્રમુખ, જિલ્લા બ્રહ્મ સમાજ



### મણીભાઈ ચોક ખાતે આવેલ

## સાવરકુંડલાની સરકારી પ્રાથમિક શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

### વિદ્યાર્થીનીને મોં મોઠુ કરાવી, ચાંદલો કરી કીટ અર્પણ કરાઈ

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરમાં મણીભાઈ ચોક પાસે આવેલ બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા હતા જેમાં ધોરણ ત્રણ થી આઠ ની દીકરીઓની વાર્ષિક પરીક્ષા શરૂ થઈ મોં મીઠું કરાવી ચાંદલો કરી અને પેન, પેન્સિલ અને પરીક્ષા ઉપયોગી કીટ આચાર્યા અને એસ.એમ.સી. કમિટી દ્વારા અર્પણ કરવામાં આવી હતી દર વર્ષેના જેમ આ વર્ષે પણ ધોરણ આઠ ની દીકરીઓ શાળામાંથી વિદાય લે છે તેમના હાથના પંજાની છાપ ધોરણ આઠની વિદાય લેતી દિકરીઓના મારી લાડકી રે પ્રોજેક્ટ અંતર્ગત પ્રોજેક્ટ ફાઈલ તૈયાર કરવામા આવે છે ધોરણ આઠની વિદ્યાર્થીનીઓને શાળાંત પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું શાળા પ્રોજેક્ટ અંતર્ગત ફાઈલિંગ કરેલ એલીમેન્ટરી એકઝામ ચિત્ર સ્પર્ધાની અંદર વિદ્યાર્થીની ને એ ગ્રેડ અને બી ગ્રેડ આવ્યા છે તેમને પણ પ્રમાણપત્ર સી.આર.સી. અને આચાર્યા દ્વારા આપવામાં આવેલ.



## સાવરકુંડલા : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ભગાથી પરીક્ષાર્થી પરેશાન

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાના એમ.એ.ના વિદ્યાર્થીઓ એ ફોર્મ ભરતી વખતે પરીક્ષાનું સેન્ટર અમરેલી રાખેલ હોવા છતાં બે દિવસ પહેલા પરીક્ષાની હોલ ટિકિટ આવી તો પરીક્ષાર્થીઓ આશ્ચર્યમાં અને આઘાતમાં પડી ગયા. હોલ ટિકિટમાં પરીક્ષાનું કેન્દ્ર અમરેલીને બદલે રાજકોટ હતું. વિદ્યાર્થીઓમાં દોડધામ મચી ગઈ આ બાબતની ખબર એન.એસ.યુ આઈ. ના આગેવાન સાહિલ શેખને જાણ થતા તેણે તાબડતોપ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિનું ધ્યાન દોર્યુ તેનાથી કુલપતિએ આ બાબતને તાકીદની ગણી તરત જ



લાગતા વળગતા અધિકારીઓને સૂચના આપી, આ તમામ વિદ્યાર્થીઓનું પરીક્ષાનું કેન્દ્ર અમરેલી ફાળવી દેવામાં આવ્યું હતું. જેનાંથી વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો.

## રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનમાં સહયોગથી સમગ્ર રાજયમાં જળ અભિયાનનું કામ ચાલી રહ્યું છે : જળ સંગ્રહથી મોટો ફાયદો થશે

### સરહદી વિસ્તારના ગામોને જળ સંકટમાંથી મુકિત મળશે

લીલીયા મોટા, તા.૨૫

૫૧ ગામોમાં જળ સંચય કામગીરી પુર્ણ : ૨૬ ગામોમાં જળ સંચય કામગીરી રાત–દિવસ ચાલી રહી છે. સ્થાનિક જળધારા સમિતિ અને ગ્રામજનોનો સહકાર મળી રહયો છે.

રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનના પદમશ્રી સવજીભાઈ ધોળકીયાના સંયુકત ઉપક્રમે સમગ્ર રાજયમાં જળ અભિયાન ચાલી રહયું છે. જેના ભાગરૂપે સરહદી વિસ્તાર પાસે કુભારીયા વિસ્તારના ગામોમાં કુદરતી જળ સ્ત્રોત ન હતો. આજે પણ ટેન્કર મારફત લોકોને પીવા માટે પાણી પહોંચાડવામાં આવી રહયું છે. તેમાથી કાયમી લોકોને પાણી મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આવી જ રીતે સિધ્ધપુર સરસ્તવી નદી, બનાસકાંઠા વિસ્તાર, જુનાગઢ કાળવો નદી, મોરબી નિમકરોલીબાબા વાવણીમાં ગામ વિસ્તાર



સહીત અમરેલી ગાગડીયા નદીનાં હરસુરપુર દેવળીયા, કેરીયા, દુધાળા, અકાળા, લુવારીયા, અંટાળીયા, ભેંસાણ, સનાળીયા, બોડીયા, સહીતના ચિતલ,ખજુરી, રાણશીડી, ખજુરી, સણોસરા, બાદલપુર, નવા ગામ, જાબુડા, પ્રતાપગઢ, સમુહખેતી બાઢડા, રસનાળી, ખોપાળા, સહિતનાં ગામોમાં જળ અભિયાન ચાલી રહયું છે. જેમાં ૬૮ હિટાશી, ૯૦૦ ડમ્પરો, ૫૦ ટ્રેકટરો, હિટાચી સહીત મોટી સંખ્યામાં શ્રમજીવી અને કર્મચારીઓ રાત દિવસ એક કરી જળ સંચય અભિયાન સફળ બનાવવા કામ કરી રહયા છે. ૫૧ ગામોમાં જળ સંચય કામગીરી પુર્ણ, ૨૬ ગામોમાં જળ સંચય કામગીરી ચાલી રહી છે. ૧૭૫ સરોવરો બનાવયા.

### અમરેલી લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરએ મતદારોને વિશ્વાસ આપ્યો

# ઈન્ડિયા ગઠબંધન સરકાર બને એટલે ૩૦ લાખ યુવાનોને સરકારી નોકરી

**ધારી પંથકનાં ધારગણી, ભાડેર, હામાપુર, જુના વાઘણીયા સહિતનાં ગામોમાં જાહેરસભા સંબોધતા કોંગી ઉમેદવાર**

**ગ્રામ્ય વિસ્તારની મહિલાઓની આર્થિક, સામાજિક સહિતની સમસ્યા દૂર કરવા વચન આપ્યું**

**ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, પરિવહન, પાણી સહિતની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે**

**રત્નકલાકારો, ખેડૂતો, શ્રમિકોને આર્થિક રીતે સક્ષમ કરવા માટે યુદ્ધનાં ધોરણે કાર્યવાહી કરાશે**



અમરેલી, તા. ૨૫

અમરેલી બેઠકનાં કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આજે ધારી વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના મતદારોનો સાક્ષાત્કાર કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે ભારતની અડધી વસ્તી બહેનોની છે ત્યારે બહેનોના શિક્ષણ અને રોજગારી માટે કાર્ય કરવુ એ મારી પ્રાથમિકતા છે.

આ તકે તેમણે જણાવ્યુ કે, આગામી દિવસોમાં કોંગ્રેસ ઈન્ડિયા ગઠબંધનની સરકાર આવશે તો ૩૦ લાખ સરકારી નોકરીઓની ભરતી કરવામાં આવશે અને તેમાં ૫૦% મહિલાઓને અનામત આપવામાં આવશે. અમરેલી જિલ્લામાં ધારી તાલુકો અને તેનો ગ્રામ્ય વિસ્તારની મુખ્ય આવક ખેતી છે. ત્યારે આ વિસ્તારના ખેડૂતોને પાક વીમો અને ખેતીની ઉપજ પર પૂરતો ભાવ મળે અને કપાસ અને મગફળી સહિતના પાકમાં ખેડૂતોને સારા ભાવ મળે અને ખેડૂતોના પરિવારનો સર્વાંગી વિકાસ થાય તે અમારી પ્રાથમિકતા છે. ધારી પંથકના ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા અને કોઝવે સહિતના પ્રશ્નો છે જેના કારણે લોકોને અને ખેડૂતોને મુશ્કેલી પડે છે તે દૂર કરવાનો અમારો પ્રયાસ રહેશે.

કેરીના બગીચા ધરાવતા ખેડૂતોને સરકાર વીમા કવચ પુરૂ પાડે તેવી અમારી માંગણી છે. રત્ન કલાકરોના વિકાસ માટે હિરા ઉદ્યોગ

અનુસંધાન પાના ૬ ઉપર

### પારિવારીક માથાકૂટનો દિકરી ભોગ બની

## રાજુલાનાં ચાંચ પાટડા ગામે પતિ–પત્ની વચ્ચે માથાકૂટ થતાં મહીલાએ ગળાફાંસો ખાધો

**માતા–પિતાની માથાકૂટથી લાગી આવતા પગલું ભર્યુ**

અમરેલી, તા. ૨૫

રાજુલા તાલુકાના ચાંચ પાટડા ગામે રહેતા શાંતાબેન રાજુભાઈ બનુભાઈ ગુજરીયાની દિકરીને ગાલ પચોળા થતા તેમના પતિ રાજુલા દવાખાને ગયેલ અને ત્યાંથી રાજુલા તેમના બેનને ત્યાં ગયેલ અને ત્યાં જમી પરવારતા રાતના દસેક વાગતા મોડું થતા તેમના ઘરે આવતા શાંતાબેનને તેના પતિ સાથે ઝઘડો થયેલ હોય. જે કારણે તેણીને લાગી આવતા તા. ૨૪ના રોજ ૪/૩૦ ના અરસામાં ભેરાઈ ગામે પોતાની મેળે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### યાર્ડ નં–૩ ની બેરેક નં: ૫ માં ઝડતી દરમિયાન

## અમરેલીની જેલમાંથી ગોલ્ડન કલરનો મોબાઈલ બિનવારસી મળી આવ્યો

**જેલનાં અધિકારીએ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લા જેલના જેલર ગ્રુપ– ૨ ના કે.વી.ગઢવી, તથા સ્ટાફ તથા અન્ય કર્મચારીઓ ગત તા.૨૫ ના રોજ રાત્રે આશરે ૨ કલાકના સુમારે જેલની અંદર સર્કલમાં આવેલ યાર્ડ નં.–૩ ની બેરેક નં. ૫ ની અચાનક ઝડતી કરતા ત્યાંથી ગોલ્ડન કલરનો મોબાઈલ ફોન બેટરી તથા સીમ કાર્ડ સહિતનો મોબાઈલ ફોન નંગ–૧ બિનવારસી હાલતમાં મળી આવેલ હોય અંગે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ ફરિયાદમાં ઉપરોક્ત જેલ પ્રતિબંધીત વસ્તુ મોબાઈલ ફોનને એફ.એસ.એલ ખાતે મોકલી ચકાસણી કરવામાં આવે તો ઘણી બાબતોનો ખુલાસો થઈ શકે તેમ છે. જેલમાંથી મળી આવેલ ફોનનો ક્યા કયા કેદીઓએ અનઅધિકૃત રીતે ઉપયોગ કરેલ છે કે કેમ? તેમજ આ ફોન દ્વારા ગુન્હાહિત પ્રવૃતિ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. કે કેમ ? આ અંગે ઉંડાણ પુર્વકની ધનિષ્ઠ તપાસ થવી જરૂરી છે. વિગેરે બાબતોએ આઈ.પી.સી. ૧૮૮ તથા પ્રિઝન એક્ટની કલમ ૪૨,૪૩,૪૫,ની પેટા કલમ ૧૨ મુજબની મળેલ મોબાઈલ ફોનની વિગતે ફરીયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી થવા અમરેલી જીલ્લા જેલના જેલર ગ્રુપ–૨ ના કે.વી. ગઢવીએ સીટી પોલીસને ફરિયાદમાં જણાવેલ છે.

### વેપારી સંગઠનોએ પહેલા મતદાન અને બાદમાં દુકાન ખોલવા નિર્ણય કર્યો

## અરે વાહ : અમરેલીનાં વેપારીઓ મતદાન કરી ખરીદી કરવા આવનારને વળતર આપવા તૈયાર થયા

**જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા સાથે વેપારીઓની બેઠક યોજાઈ**



અમરેલી, તા. ૨૫

લોકસભા સામાન્ય ચૂંટણી –૨૦૨૪ અન્વયે તા. ૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલાનાં ખાંભલીયા ગામની સીમમાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૨૫

રાજુલા ગામે રહેતા નીજામશા વલીશા સુમરા, કાદરશા અલરખશા કનોજીયા, સલીમશા અલારખશા કનોજીયા, ભાવેશભાઈ શીશાભાઈ વાણીયા, હરેશભાઈ ચીથરભાઈ મકવાણા, અનિલભાઈ બાબુભાઈ કાતરીયા, હિતો ભોળાભાઈ જાલોંધરા સહિત સાતેય આરોપીઓ તા. ૨૪ના રોજ ૨ વાગ્યે ખાંભલીયા ગામની સીમમાં આવેલ નેવડામાં જાહેરમાં પૈસાથી હારજીતનો તીનપતીનો જુગાર રમતાં હોય. સ્થાનિક પોલીસને બાતમી મળતાં રોકડા રૂપિયા ૧૫,૩૧૦ તથા જુગારના સાહિત્ય સાથે રેઈડ દરમ્યાન આરોપી ૬ પકડાઈ જઈ તેમજ એક આરોપી નાસી ગયાની ફરિયાદ નોંધાઈ છે.


### મોટા કસ્બાવાડ વિસ્તારની ઘટના

## અમરેલીમાંથી વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે આરોપીની અટકાયત

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૫

અમરેલીના મોટા કસ્બાવાડ, જુમ્મા મસ્જીદ ચોકમાં રહેતા ઈમરાનભાઈ આમદભાઈ પોપટીયા તા. ૨૪ સાંજના ૫/૪૦ કલાકે મોટા કસ્બાવાડ જુમ્મા મસ્જીદ ચોક પાસે વગર પાસ પરીમટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો ૭૫૦ મી.લી.ની રીંગપેક બોટલ નંગ–૨૪ કિંમત રૂા. ૯૦૦૦ ના મુદ્દામાલની હેરાફેરી કરતા ઝડપાય જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.









*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)